
ચાલ જિંદગી જીવી લઈએ



– ડૉ. અજય કોઠારી

પ્રથમ ઈ-સંસ્કરણ

http://aksharnaad.com

14 – 11 – 12, બેસતું વર્ષ

VISIT…

LANZAROTE
Caliente.com

પ્રથમ આવૃત્તિ : 2009, બીજી આવૃત્તિ : 2010, ત્રીજી આવૃત્તિ : 2011, ચોથી આવૃત્તિ : 2012.

આવરણ : દિપ્તી આઈ. ભટ્ટ.

મૂલ્ય : રૂ. 25/-

પ્રકાશક : ઈ.એન્ડટી. ચેરીટેબલ ટ્રસ્ટ, 'કોશિશ', રેલ્વે સ્ટેશન પાસે, મલાડ (ઈસ્ટ), મુંબઈ 400097

ફોન : (022) 2883 4629 / 2844 6448

ટાઈપસેટિંગ : રૂપલ પ્રીતેશ શાહ, કલા આર્ટ પ્રિન્ટરી, 11, ગઝદર સ્ટ્રીટ, ચીરાબજાર, મુંબઈ - 2.

મુદ્રક : સુમિત રામ કોઠારી, કોનમ પ્રિંટર્સ, તારદેવ, મુંબઈ.

ડૉ. અજય કોઠારી મુંબઈ યુનિવર્સિટીમાંથી માસ્ટર્સ ઓફ સર્જરી, ઈએનટી એસોસિયેશનના સંશોધન માટેના સુવર્ણચંદ્રક વિજેતા, યુરોપની બાળ ઈએનટી સંસ્થા અને વિશ્વની સર્જનોની દુનિયાની સર્વોચ્ચ કાઉન્સિલ 'આઈફોસ'ના ગવર્નિંગ બોડીના એકમાત્ર ભારતીય ઈનટી ડૉક્ટર છે. 'કોશિશ' નામે બહેરા મૂંગાનું ભારતનું સર્વપ્રથમ 'સેન્ટર ફોર ધ ડેફ' મલાડ પૂર્વ, મુંબઈમાં કર્યું છે જ્યાં ૧૩૬ બાળકોને મફત શિક્ષણ, વ્યવસાયિક શિક્ષણ અને શ્રવણયંત્ર આપે છે. સાથે સાથે તેઓ એક સારા લેખક પણ છે. એક ડોક્ટર તરીકે તબીબી ઉપાયો અને સલાહો સાથેના અનેક પુસ્તકો સાથે તેમણે એકાંકી, કટાક્ષલેખ અને હાસ્યલેખ પણ આપણી ભાષાને આપ્યા છે.

આજે તેમનું પુસ્તક 'ચાલ જિંદગી જીવી લઈએ' પ્રસ્તુત કર્યું છે. આ સુંદર પુસ્તિકાની ચાર વર્ષમાં ચાર પુનઃઆવૃત્તિઓ પ્રકાશિત થઈ છે. પુસ્તક અક્ષરનાદને પાઠવવા અને નિ:શુલ્ક ડાઉનલોડ માટે ઉપલબ્ધ કરાવવાની તક આપવા બદલ તેમનો ખૂબ ખૂબ આભાર અને આવા હજુ અનેક પુસ્તકો તેમનાથી આપણને મળતા રહે એવી અનેક શુભકામનાઓ.

સ્વીકાર

તમારું નામ શું?

અજય

આ નામ તમે પસંદ કર્યું?

આપણું નામ આપણે થોડું પસંદ કરીએ છીએ? છઠ્ઠીને દહાડે હજી માંડ આંખ ખોલી શક્તો હતો ત્યારે બધાએ મને ઝૂલાવ્યો હશે, ફૂદાવ્યો હશે, ગાલ પર કાજળ લગાડ્યું હશે ને માતા-પિતા કે કોઈએ એમને ગમતું નામ મને પહેરાવી દીધું હશે.

તમારા પિતાજીનું નામ શું?

ચીમનલાલ

એમનું નામ તો એમણે પોતે જ પસંદ કર્યું હશે?
કેવી ગાંડા જેવી વાત કરો છો? એમનું નામ પણ મારા નામની જેમ એમના માતા-પિતાએ જ પાડ્યું હશે.

અને તમારી અટક શું? કોઠારી, એ તો તમે જ પસંદ કરી હશે?

અટક તો વારસાગત આવતી હોય છે, એ જ અપનાવવી પડે છે. પસંદગીનો સવાલ જ નથી આવતો.

ટૂંકમાં જે નામનો બોજ લઈને આપણે જિંદગી ગુજારીએ છીએ, સ્કૂલથી માંડીને લગ્નના સર્ટિફિકેટમાં, પાસપોર્ટ, લાયસન્સ, લેટરહેડ, વિઝિટિંગ કાર્ડ, ધંધામાં દરેક જગ્યાએ લખીએ છીએ, કોઈ પૂછે તો ગર્વથી કહીએ છીએ એમાં આપણો ખુદનો ફાળો શું છે? આપણું નામ કોઈએ આપ્યું, પિતાનું નામ જે આપણા નામ સાથે જોડાયેલું છે એ પણ કોઈએ આપેલું, અટક વારસામાં મળી. જિંદગીમાં આપણું અસ્તિત્વ શારીરિક છે. આપણો તો આત્મા છે. પરંતુ જે શરીરને નામની ઓળખ આપવામાં આવે છે એ તો બળજબરીથી માનવીએ માનવી પર ઠોકી બેસાડવામા આવેલ બારાખડીના અક્ષરોનો જમેલો છે.

કેટલા લોકોને પોતાના નામ ખરેખર ગમે છે? ગમે છે કે ગમાડવા પડ્યા છે? બદલવાની ઈચ્છા થાય છે? થઈ હોય તો બદલ્યા કેમ નથી? કોનું નામ નથી ગમતું? ખુદનું, પિતાનું કે અટક?

કબૂલ કરો છો ને કે જે મળ્યું તે જિંદગીભર આપણે સ્વીકાર્યું છે.

બીજી વાત પર આવીએ.

ભગવાને કોઈને પૂછ્યું કે તારે કયા ધર્મમાં જન્મ લેવો છે? હિંદુ થવું કે મુસલમાન? શિખ થવું છે કે ક્રિશ્ચિયન? કયા દેશમાં જન્મ લેવો છે? ભારતમાં કે પરદેશના કોઈ શહેરમાં? જન્મ આપતી વખતે પસંદગી આપી કે મહારાષ્ટ્રમાં, યુ.પીમાં, કે બિહારમાં જન્મ જોઈએ છે? પૂછ્યું કે આ માતા તરીકે, આ પિતા

તરીકે પસંદ છે? આ તને ભાઈ-બહેન તરીકે ગમશે? આ તારા કાકા ખૂબ જ પ્રખ્યાત છે, તને ભત્રીજો થવું ગમશે? કંઈ પણ પસંદગી આપી નહીં, અરે ખુદની મહેનતથી જન્મ આપેલા માટે પણ આપણને પૂછ્યું નહીં કે આ પુત્ર તરીકે ઠીક રહેશે? આ પુત્રી ગમશે? ટૂંકમાં પ્રભુએ જ આપણે માટે ધર્મ, દેશ, પ્રાઁત, માતા-પિતા, ભાઈ-ભાંડુ, સંતાનો બધું જ નક્કી કરી આપણને પૃથ્વી પર ધકેલ્યા છે. જે સ્વીકારવાને બદલે ઘણા પરમેશ્વરની ઉપરવટ જવા માંગે છે. એમને ખુદના ધર્મ કરતા બીજાનો ધર્મ બદલવો છે, પરપ્રાંતવાળા પર સિતમ ગુજારવો છે, ભાઈ-ભાંડુ, અરે ખુદના માતા-પિતા સાથે પૈસા, સત્તા અને રાજનીતિ માટે સત્ય, પ્રમાણિકતા અને માનવતાને અભેરાઈએ ચઢાવી દેવી છે. બે જ સમયે કદાચ આપણી જીંદગીમાં પસંદગી પાર પડે છે, જીવનસાથી અને જીવનપંથ. આ માત્ર બે જ પસંદગીમાં જ્યારે હું ઘણાંને ખુદની અને સાથે સાથે

બીજાની જિંદગીની ખાનાખરાબી કરતા જોઉં છું તો વિચાર કરું છું કે આવા મનુષ્યોને ભગવાને બધી જ પસંદગીની છૂટ આપી હોત તો શું થતે?

હિઁદુને ક્રિશ્ચિયન કે ક્રિશ્ચિયનને હિંદુ બનાવ્યો. એના શરીરમાં રક્તની બદલી કરી? શરીર સોઁસરવો રામનામનો ત્રિશૂળ કે માથામાં ખીલો ઠોક્યો? એના મગજને ગંગાના પાણીથી ધોયું? એનો ધર્મ બદલાયો તો ફક્ત નામથી, એ પછી એનું આચરણ, માન્યતા, ક્રિયા-કર્મ બદલાયા કે નહીં એ જાણવાની ફુરસદ કોને છે? એના મૃત્યુ પછી એના પાર્થિવ શરીરને દફનાવાશે કે અગ્નિદાહ અપાશે એ પણ એને પૂછવામાં ક્યાં આવે છે? જે ટોળકીને ગમ્યું એણે બીજાનો ધ્રમ બદલ્યો, એનો ધર્મ બદલવામાં આવે તો પણ એનો દેશ, પ્રાંત, સગાવહાલાં, સંતાનો એ જ રહેશે. ક્રિશ્ચિયન થઈને કદાચ એનું શરીર મંદિર પ્રવેશ કરશે, ધર્મ બદલાવાથી શરીર, વિચારધારા બદલાતી નથી. પોષાય છે કોઈનો અહમ, કોઈની

હિટલરશાહી. જે જિંદગી આપણને મળેલા નામ સાથે ગુજારીએ છીએ, સ્વીકારીએ છીએ જેમાં કોઈ દખલ અંદાજી કરતું નથી તો પછી ભગવાને ફેંકેલી સોગઠીઓ માટે, હું ને તું પર મારામારી શા માટે? શા માટે? કરવી જ હોય તો ભગવાન સાથે કરો, જન્મથી મરણ સુધી જિંદગીના હર પલ્લે, હર તબક્કે આપણને ‘સ્વીકાર’ કરવો પડે છે તો આ બાબતમાં કેમ નહીં? પણ આવા માનસવાળાઓને સમજ કોણ આપે?

હે પ્રભુ, જે બદલી શકાય છે
એ બદલવાની શક્તિ આપ,
જે નથી બદલી શકાતું,

એને સ્વીકારવાનું મને શીખવાડ,
અને આ બે વચ્ચેનો તફાવત
હું સમજી શકું એટલું ડહાપણ આપ.

આ પુસ્તિકા ‘ચાલ જિંદગી જીવી લઈએ’ માં ક્યાં ક્યાં આપણે સંબંધોમાં અસ્વીકાર કરીએ છીએ તેનું નિરુપણ છે, જ્યારે અસ્વીકારનો ઢગલો વધે છે ત્યારે વ્યક્તિ ચીડીયો, ગુસ્સાવાળો, અદેખો, ઝઘડાખોર, કંટાળેલો કે નિરાશાથી પીડાય છે ને ભગવાનને દોષ દેતો થઈ જાય છે.

‘ધારું તો જિંદગીને ફરીથી સંવારી શકું

પણ ફરી એ બગાડવાની ફુરસદ નથી.

ટૂંક સમયમાં જ આ પુસ્તકની ચોથી આવૃત્તિ વાચકોના પ્રતિસાદ અને માંગણીના આધારે રજૂ કરતા સંતોષ અનુભવું છું.

ડૉ. અજય કોઠારી

કુસુમ કુંજ, 10મો રસ્તો, ખાર, મુંબઈ, 400 052

ઈ-મેલ gopajay@hotmail.com

ફોન – (022) 26485433 / 28834629

અનુક્રમ


આપણી જિંદગી કેટલી ?

કોઈ કહે 65 વર્ષની, સરકાર કહે છે સરેરાશ પુરૂષની 68 અને મહિલાની 64 વર્ષની, પણ હું કહું છું કે જિંદગી 3 ફુટના ઘોડિયાથી માંડીને 6 ફુટની ચિતા સુધીની, માત્ર 3 ફુટ, લંબાતી, ખેંચાતી, આપણી આ જિંદગીને ઉંમરના હિસાબ સાથે મારે આજે જોડવી છે.

પચ્ચીસ વર્ષનો સમય એટલે ગધ્ધાપચ્ચીસીનો કાળ, બ્રહ્મચર્યશ્રમ કહેવાય. આ બ્રહ્મચર્યાશ્રમ શાસ્ત્ર પૂરતું જ મર્યાદિત રહ્યું છે. 25 વર્ષ પછી ગૃહસ્થાશ્રમ શરૂ થાય ત્યાંથી વાત શરૂ કરીએ. પચ્ચીસથી પચાસ વર્ષનો સમય એટલે આપણા

લગ્ન, પછી બાળકો, એમનો ઉછેર, એમને ભણાવવાના, સારા સંસ્કારનું સિંચન કરવાનું, એમને કારણે પતિ-પત્નીમાં નાના મોટા ક્લેશ થાય, જેને પિતાની ગાદી ન મળવાની હોય તે સંતાનો માટે કારકિર્દીની ચિંતા કરવાની, પુત્રી માટે જમાઈ અને પુત્ર માટે વહુ (જો જાતે શોધીને તમારી આગળ 'વાનગી' ન પીરસી હોય તો) આ બધા વચ્ચે પૈસા વાપરતા જવાના ને આપણા ખુદના ભવિષ્ય માટે બચાવતા જવાના. સાંસારીક જીવનના સંબંધો સાચવતા જવાના, થાકવાનું, કંટાળવાનું, ગુસ્સે થવાનું, ચીડાવાનું એવી તો કંઈક લાગણીઓની ચડતી-પડતી વચ્ચે, ભારે ટ્રાફિક વચ્ચે જેમ મોટર ચલાવવી પડે તેમ જિંદગી આગળ ચલાવવી પડે.આ સમય છે આપણે કોઈને કાકા કહેતા હતા, હવે જુવાનિયાઓ

આપણને કાકા કહેતા થાય. પહેલીવાર જ્યારે કાકા શબ્દ કાને પડે ત્યારે ગુસ્સો ન સમાય, ‘કાકો તારો…’ પણ જ્યારે અરીસામાં થોડી ગોરી થયેલી વાળની કલમ દેખાય, વાંચવાના બેતાળાં આવે ને સંતાનો કોલેજના અંતિમ વર્ષોમાં હોય તો મન પુકારે, ‘અલ્યા હવે તારી ઉંમર કાકા સાંભળવાની જ છે. આ જ છે સ્વીકાર. આ વાંચી ભલે કાકીઓ મલકાય પણ એમની માનસિક વ્યથા પણ કાકા જેટલી જ હોય છે. અરીસામાં દેખાતો પહેલો સફેદ વાળ કોઈ ન જુએ ત્યારે ખેંચી કાઢે ત્યારે જ કળ વળે.


Gujarati E-books
From
Aksharnaad.com
Free

આ બધી પળોજણ માટે ને 50 પછીની જિંદગી માટે આપણે વ્યવસ્થિત (ઓર્ગેનાઈઝ) થવાની જરૂર છે. તમે ઓર્ગેનાઈઝ્ડ છો? મોટા ભાગના કહેશે કે ઓફ કોર્સ, તો હું થોડા સવાલો કરું?

¤ કેટલી વાર તમે ટેલીફોનનું બિલ, ગેસનું બિલ, ડ્રાઈવીંગ લાયસન્સનું રીન્યુઅલ, પાસપોર્ટનું રીન્યુઅલ, મેમ્બરશીપ ફી, જીવનવીમાનું પ્રીમીયમ, એડવાન્સ ટેક્સ, વેલ્થ ટેક્સ સમયસર ભરવાનું ભૂલી ગયા છો? કુટુંબીજનો, ખાસ મિત્રોને કે સગા સંબંધીની બર્થ ડેટ, તમારા ખુદના સંતાનોના વિવાહની તિથિ સ્મરણપટ પરથી નીકળી ગઈ છે અને પછી જીભ બહાર કાઢીને કે કાન પકડીને કબૂલ કર્યું છે કે યસ, સાચે જ ભૂલી ગયો હતો.

¤ રજાનો દિવસ હોય, કશે જવાનું ન હોય તો વિચાર આવે કે આજે કબાટ ને ટેબલ ગોઠવી નાખું. કબાટ ખોલો તો ઈસ્ત્રીમાં આપવાના કપડા, ઈસ્ત્રી થઈને આવેલ કપડાના 'ડૂચા', અસ્તવ્યસ્ત કાગળો... ક્યાંથી શરૂ કરું? કાગળો જોવા માંડે, વિચાર કરે આ કાગળ શું કામ સાચવેલો? અરે આ તો કશાકનું બીલ છે. થોડાક ફાડે ને થોડાક પાછા ખોંસી દે, મરવા દે ને, બીજી કોઈક વાર ગોઠવીશ. પતી ગયું.

¤ વીલ કર્યું છે? આને માટે 60 વર્ષની ઉંમર થાય ત્યાં સુધી રાહ જોવાની જરૂર નથી. ઘણા ડરના માર્યા વીલ નથી કરતા, એ લોકો વીલથી નહીં, મોતથી ડરે છે. એમને ડર છે કે વીલ એ અંતિમ સમયે લખાતો દસ્તાવેજ છે. વીલ નહીં

છોડી જનારાના પરિવાર પરેશાન થાય કે ઝઘડા થાય, લોહીના સંબંધ કોર્ટ કચેરીમાં સામસામે ઉભા રહી જાય છે. સંબંધના સેતુમાં વીલ નહીં હોવાને કારણે દરાર પડે ને સંબંધનો બંધ સદાયને માટે બંધ થઈ જાય.

¤ ઘણાં સવાલોમાંનો છેલ્લો સવાલ – તમારા ઈનકમટેક્સના ચોપડા, પૈસાનું રોકાણ, ધીરાણ, સ્થાવર મિલ્કત ખાતે થયેલી લેણ-દેણની વિગત કેટલી વ્યવસ્થિત નોંધ છે? આપણે ત્યાં બે પ્રકારની કમાણી હોય છે એ સરકારને પણ વિદિત છે. જે ચોપડે બતાવી છે તે વ્હાઈટની કમાણી. ઘણા જોયા છે કે આ કમાણીથી શેરબજાર, સોના-ચાંદી, માલ-મિલ્કતના દસ્તાવેજોનો રેકોર્ડ પણ અષ્ટમ પષ્ટમ હોય છે. જરૂર પડે એ દસ્તાવેજ જ મળે નહીં. બીજા પ્રકારની

કમાણી છે જે ઈન્કમટેક્સ ભરવો ન પડે માટે છુપાવી છે. બ્લેક મની. શ્રી નાના પાલખીવાળાએ એક વખત ભાષણમાં કહ્યું હતું કે અંદાજે તેર હજાર કરોડ જેટલા બ્લેકના રૂપિયા ભારતમાં છે, સંતાડેલા છે. પરદેશની બેંકોમાં બેનામી ડીપોઝીટ કરાયા છે. ધંધાદારી, ઉદ્યોગપતિઓ, પ્રોફેશનલ આ બધાય ઓછા-વત્તા અંશે બ્લેક મની કરે છે કારણકે પહેલા આવકવેરો ખૂબ જ વધારે હતો. કોઈ પણ સ્થાવર મિલ્કત ખરીદવા જાવ તો વ્હાઈટ સાથે બ્લેક ન આપો તો આપનાર તૈયાર થતો ન હતો. રસીદ ઘણી જગ્યાએ દુકાનદારો આપતા નથી. લાંચ-રુશ્વતનો સડો આયકર ભવનથી માંડીને તંત્રી-મંત્રી-સંત્રીઓમાં બહોળો ફેલાયેલો છે. સરકારે જ લોકોને બ્લેક કરતા કરી દીધા છે. હવે આ બ્લેકનું જો રોકાણ કર્યું

હોય તો તેની નોંધ તો કશે કેવી રીતે રખાય? રાખીએ ને ટેક્સવાળા દરોડો પાડે તો આવી જ બને. કોડવર્ડમાં ભલે લખો પણ ટેક્સવાળા દરેક કોડ વર્ડ ઉકેલી શકે છે. નોંધ કરીને ક્યાં રાખવી? કોને કહેવી કે જેથી આપણે ન હોઈએ ત્યારે આપણા પરિવારને એની જાણ થાય? પત્નીને કહી રાખવાનું? પણ પત્ની પર વિશ્વાસ ન હોય. સ્ત્રીના પેટમાં કોઈ વાત રહેતી નથી એ નાનપણથી આપણે વારંવાર વાંચતા આવ્યા છીએ. મિત્રને કહી રાખીએ તો ? મિત્રો લગભગ સમવયસ્ક હોય, કોણ વહેલું પ્રભુ પાસે જશે – આપણે કે એ, કોઈ ભવિષ્યવેતા કહી નહીં શકે. વળી આજે મિત્રતા છે, કાલે ન પણ રહે, દોસ્ત દુશ્મન બની જાય ને ભાંડો ફોડી કાઢે એવા દાખલા ક્યાં નથી? તો ઉંમરલાયક કોઈ સંતાનને બ્લેક

વિષે કહી રાખ્યું હોય તો? સંતાનથી મોટા ભાગની વાતો છુપાવવામાં આવે છે એમાંય આ તો બ્લેકનો મામલો. એના મિત્રો આગળ ડંફાસ મારવામાં ઓકી કાઢે તો? સંતાન પિતાની દ્રષ્ટિએ આવી બાબતમાં કોઈ દિવસ વિશ્વાસમાં લેવા લાયક ભાગ્યે જ થતા હોય છે. વીલમાં વ્હાઈટનું લખાય, બ્લેકનું નહીં, તો શું કરવું? આ સમસ્યાનો ઉકેલ મારી કલમ આપી શક્તી નથી. આનો ઉકેલ દરેકે સમજી સાચવીને, સંબંધોને ખ્યાલમાં રાખીને કરવાનો છે, પણ કરવાની જરૂર છે જ.

યમદુતો કહીને આવતા નથી, એક તો આપણે ત્યાં રહેલા જેને બધા યમદૂતો સમજે છે એ ઈંકમટેક્સવાળાને જે સતત પૃથ્વી પર આવ-જા કરે છે તે અવકાશી યમદૂત. ઘણાંને કહેતા સાંભળ્યા છે, ‘અરે, જરાય ફુરસદ નથી, મરવાનો ટાઈમ

પણ નથી.' ભઈલા, પેલો આકાશી યમદૂત આવી આપણને પૂછતો નથી હોતો કે અત્યારે ટાઈમ છે? આવીશ મારી સાથે? જ્યાં હશું ત્યાં ઢળી પડશું. સમસ્યાઓની ગઠડી પરિવારને આપી જશું અને દરરોજ પરિવાર ઢળી પડનારને યાદ કરશે કારણકે એના પર પ્રેમ હતો માટે નહીં પણ જે લબાચાઓનો ઉકેલ એમને માથે ઠોકી દેવાયો છે એ માટે, આ યાદ નથી, હાય છે.

જીવનસાથી

જરાક આપણા જુવાનીના માનસ પર નજર કરીએ. સહચારિણીની પસંદગી વખતે મુખ્યત્વે તો એનો દેખાવ જ આપણે જોતા. યુવતિ યુવકની ઉંચાઈ, વાત

કરવાની રીત, વર્તણુંક પર ધ્યાન આપતી. અરસપરસનો સ્વભાવ એ તો નીવડે વખાણ. બાહ્ય દેખાવથી વ્યક્તિનું માનસ જાણી નથી શકાતું. પુસ્તકનું લખાણ ભલે દમ વગરનું હોય પણ મુખપૃષ્ઠ આકર્ષક હોય તો પુસ્તક ખપે ! લખાણ વાંચ્યા પછી પસ્તાવો પણ થાય કે મુખપૃષ્ઠ જોઈને નકામો આકર્ષાયો. પુસ્તક ન ગમે તો કોઈને ભેટ અપાય કે કાઢી નખાય પણ લગ્ન કરેલી લાવેલી પત્ની કે પતિના દમ વગરનો સ્વભાવ વેઠે જ છૂટકો !

પારકાની પત્ની સાથે સહજમાં સરખામણી થઈ જાય. (જે વાત હું પત્ની માટે લખી રહ્યો છું, તે પતિ માટે પણ એટલી જ લાગુ પડે છે.) પત્નીને ટકોર પણ કરે, ‘પેલીની રસોઈ જો, હેરસ્ટાઈલ કરે છે એવી કર, સાડીની પસંદગી શીખ,

પહેરવાની જુદી જુદી રીત જો, કેવું મીઠું હસે છે, દરેક વાતમાં રસ છે ને જ્ઞાન છે, બધા સાથે કેવી હળીમળી શકે છે.' રેસ્ટોરન્ટમાં જઈ મેનુ કાર્ડ પર નજર ફેરવી પસંદ કરેલી વાનગી ટેબલ પર આવે, એને ચાખો ત્યારે મોઢું બગડે. બાજુના ટેબલવાળાઓએ શું શું મંગાવ્યું છે એના પર નજર ફરે ને મનોમન થાય કે એવું મંગાવ્યું હોત તો સારું થાત. રેસ્ટોરન્ટમાં બીજી વાનગીઓ ઓર્ડર આપી શકાય પણ પરિણીત જીવનમાં કેટલે અંશે શક્ય છે ?

કોઈકવાર વળી મિત્રોને કે સંબંધીઓને કહેતા સાંભળ્યા છે, 'કાગડો દહીંથરું લઈ ગયો.' હું કહું છું કે તો પછી મને શાબાશી આપો કારણ કે મારી પસંદગી એના કરતા ચઢિયાતી નીકળી. દહીંથરાની વાત સુધી ઠીક છે પરંતુ ગઈ પેઢીનો પુરુષ

હોય કે આજના જુવાનિયાઓ, પત્ની ભણેલી જોઈએ છે (ચાર ચોપડી ભણેલી નહિ – મુખ્યત્વે આ માનસ શહેરી યુવાનોનું છે.), બહુ દેખાવડી ન હોય તો ઓ.કે. પણ દાધાબળી ન લાગવી જોઈએ. પસંદગી કરતી વખતે વિચાર મિત્રોને સગાં-સંબંધીઓનો આવે છે. એમને આ પસંદગી ગમશે ? ટીકા તો નહિ કરે ને ? રીસેપ્શનમાં સાથે ઊભા રહીશું તો ફોટામાં શોભીશું, આમંત્રિતો સ્ટેજ પરથી હાથ મિલાવી ઊતરીને કુથલી તો નહિ કરે ને ?

યુવતિ ભણેલી લાવવી છે પણ પોતાના કરતા વધુ ભણેલી નહિ. વધુ દેખાવડી ગમે કારણ કે કહેવા થાય કે પુરુષમાં રૂપ નહિ, બુદ્ધિ જોવાની હોય છે પણ પરણેતર વધુ કમાતી થાય, બધે વધુ પોપ્યુલર થાય, પાર્ટી કે સમારંભમાં

પુરુષની ગણત્રી ન થાય ને બધા પૂછ પૂછ કરે, ‘એ નથી આવી ? એકલા જ આવ્યા છો ?’ તો અહમ ઘવાય. જયા-અમિતાભનું પિક્ચર ‘અભિમાન’ યાદ છે ને ?

યશ હંમેશા પતિને લેવો છે, વાંક હંમેશા પત્નીનો જ હોય ! બહારગામ જવાની પતિની બેગ પણ પત્ની તૈયાર કરે અને કંઈ મૂકતા ભૂલી જાય તો આખી મુસાફરી દરમ્યાન સંભળાવે. જાતે બેગ ગોઠવવી નથી ને પત્નીનો વાંક કાઢવામાં પાછા પડવું નથી. પત્નીને ઘેર, પતિ, સંતાન, પિયરિયા, સાસરિયા, સગાં-વહાલાં ને વિવિધ રિવાજોમાં હાજરી આપવી પડતી હોય છે. નોકરી કરતી હોય કે ધંધાદારી હોય તો આ ઉપરાંત ઓફિસની જવાબદારીઓ. કેટલા પતિઓ

પત્નીને ઘરકામમાં મદદ કરતા હોય છે ? આ ચાનો ખાલી કપ પણ નોકર ન હોય તો પત્ની ઊંચકે ને પાણીનો ગ્લાસ પણ બૂમ મારી મંગાવે.

આગલી પેઢીની મહિલાઓમાં સહનશીલતાનો ઉંબરો ઊંચો હતો. આજે તો પરણેલા યુવક-યુવતિઓ, તેમાં પણ જો યુવતિ પણ કામે જતી હોય ને કમાતી હોય તો વાસણો વારંવાર ખખડે, ‘તમે જેમ કામે જાવ છો ને કમાવ છો તેમ હું પણ જાઉં છું ને ઘરમાં પૈસા લાવું છું. બેઉ જણા સાથે મળીને ઘરનું કામ કરીએ.’ – ‘ઘરનું કામ’ એટલે નવોદિત શિશુની સંભાળ, અડધી રાત્રે રડે તો સાચવવાનું, કપડા પહેરાવવાના, બાથરૂમ લઈ જવાનું, શાળામાં મૂકવા-લઈ આવવા, મિત્રોની બર્થ-ડે પાર્ટીમાં, ઘરમાં બાળકોની પાર્ટીમાં, દરેકમાં ફીફટી ફીફટી.

વાસણો તો આગલી પેઢીમાં પણ ખખડતા હતા પણ ‘ગોબા’ નો’તા પડતા.

આજના પરણેલામાં ગોબા પડતા વાર નથી લાગતી.

ટહુકે ટહુકે ઓળખવું, સખી દે તાળી
ટહુકે ટહુકે માણીએ પ્રીત, સખી દે તાળી
ટહુકે ટહુકે થયા બાળકો,
આ તે કેવી તાળી, અને હવે
ટહુકે ટહુકે થાય કેકારવ
ને ટહુકે ટહુકે થાય કલહ
અસહ્ય લાગે હવે તારો ટહુકો
ગોરી જરા ધીરેથી મહેકો

કલહ મટ્યો ને થયો રકાસ
દુનિયા આખી જુએ કંકાસ
શોર મટ્યો ને થઈ શાંતિ
કંકાસમાંથી થયા અબોલા
સખી ક્યાં ગઈ આપણી તાળી
હાથ છોડ્યા ને હવે છૂટાછેડા ?
તાળી ગઈ ને હવે હાથતાળી ?

માનસશાસ્ત્રીઓ દ્રઢપણે માને છે કે પતિ-પત્નીએ જીવનમાં એકાદવાર અડછટ્ટે પણ ન ગમે તો છૂટા થઈ જઈએ એવું કહ્યું હશે જ. આગલી પેઢીના આટલું

કહીને વાસણને સંભાળી લેતા. આજની પેઢી માત્ર બોલીને અટકતી નથી. છૂટાછેડા ધમકી નથી હોતી, વાસ્તવમાં થાય છે. 36 ટકા યુગલોમાં છૂટાછેડા થયેલાની નોંધ છે ને તેમાંય મુખ્યત્વે લગ્નના ત્રણ વર્ષની અંદર. પહેલા છૂટાછેડા લીધેલી યુવતિનો હાથ ઝાલવા બીજો યુવક જલ્દી તૈયાર નહોતો થતો. આજે છૂટાછેડા એ કાળીટીલી નથી. નિ:સંતાન છૂટાછેડા થયેલાને અપનાવવા યુવક કે યુવતિ બેઉ તૈયાર હોય છે. પરણ્યા પછી સંતાન ન થાય તો ઝઘડો. મોટા ભાગે મહિલાની શારીરિક તપાસ પહેલા કરાવવામાં આવે. હકિકતમાં પહેલી તપાસ પુરુષની થવી જોઈએ પણ હજી આપણો સમાજ આ સ્વીકારવા

તૈયાર નથી. અરે બિનશહેરી લોકો તો પુરુષની તપાસની વિરુદ્ધ હોય છે. સંતાન થાય તો હવે ઝઘડાના કારણો બદલાય :

‘જોયું તારો છોકરો, છે કોઈ જવાબદારી ?’ પિતા ઉવાચ.

‘તમારી છોકરીને શિખામણ આપો કે રાતના વહેલી ઘેર આવે…’ માતાનો સંતાપ.

પુત્ર માનો ને પુત્રી પિતાની. મહિલાનો પ્રેમ ત્રણ ‘પ’ વચ્ચે વહેંચાયેલો રહે છે. પિતા, પતિ અને પુત્ર. પુરુષની લાગણી માતા, પત્ની અને પુત્રીમાં પ્રસરેલી છે. વિજાતિય વાત ફક્ત પતિ-પત્ની પુરતી સિમિત નથી. આ વિજાતિય વાત

સાહિત્યમાં પણ જોવા મળે છે. પુરુષો ગાય તે ‘ગરબી’ અને સ્ત્રીઓ ગાય તે ‘ગરબો.’ પુરુષ રાખે તે ‘ચોટલી’ ને સ્ત્રીઓ રાખે તે ‘ચોટલો’. કેવી અદ્દભુત વાત!

લગ્ન એક ભૂમિતિ છે. ચોરીમાં પહેલા બે ચોરસ ખુરશીઓ સામસામે મૂકવામાં આવે. વચ્ચે અગ્નિ પ્રજ્વળે. બે સમાંતર રેખાઓ (યુગલ) આ અગ્નિની સાક્ષીએ સાત વર્તુળ ફરે પછી બે ચોરસ ખુરશીઓ બાજુબાજુમાં ગોઠવાય ને એક લંબચોરસ બને ! આ લંબચોરસ રાત્રે પાછુ બદલાય. બે લંબચોરસ ખાટલા જોડાય ને ફરી એક ચોરસ થાય જેના પર આ બે સમાંતર રેખાઓ મળે. પણ કદાચ જિંદગીભર વર્તુળ જેવા એમના શિર કદીય ન મળે ! અગ્નિ હંમેશા પ્રજ્વળતો જ રહે. સપ્તપદીના છેલ્લા ફેરામાં કહેવાય છે, ‘ૐ સખે સપ્તપદા

ભવં' પણ જિંદગીભર બે વર્તુળો મળે નહિ ત્યારે સપ્તપદીમાં સાત જન્મ એકબીજાના થઈએ એના પર મનોમન ચોકડો મંડાય ને પ્રભુને પ્રાર્થના કરે કે આ સાતમો જન્મ હોય તો સારું જેથી આવતે જન્મે તો કોઈ બીજું મળે ! આ સાત જન્મના સથવારામાં બીજો પણ કાંટો છે. મનુષ્યના કર્મને આધારે એને બીજો જન્મ મળે છે એવું શાસ્ત્ર કહે છે. જો પતિના કુકર્મને આધારે એ કાગડો થાય તો પત્નીએ પુણ્ય કર્યું હોવા છતાં એણે કાગડી થવાનું ?

લગ્નના પંદર-વીસ વર્ષના વ્હાણા વીતે પછી ઉભય પક્ષે જાતિય આકર્ષણ સ્વાભાવિક રીતે જ ઘટે છે. હવે જ પત્ની સખી બની રહે, મિત્ર બની રહે તો પ્રેમમાં કદી ઓટ ન આવે. બહારગામ જતી વખતે લોકો મિત્રોનો સાથ શોધતા

હોય છે. માત્ર પતિ-પત્ની હનીમુન સિવાય શું બીજા વગર ન જઈ શકે ? નથી જતા, કારણ કે અંદરખાને ડર લાગે છે કે આખો દિવસ એકબીજા સાથે અથડાયા કરીશું તો બહારગામમાં પણ વાસણો ખખડશે. બે જ જણા હશું તો વાત શું કરશું ? સમય કેમ જશે ? પત્નીની સાથે જ ગાઢ મિત્રતા કરી હોય તો બીજા કોઈની જરૂર જ ન પડે. ટુ ઈઝ એ કંપની... ખરા અર્થમાં પરિણમે. સ્વાભાવિક છે કે પતિ-પત્નીની પસંદગી એક સરખી ન હોય, એકને હીલ-સ્ટેશન ગમે તો બીજાને દરિયો કાંઠો. સાથે જન્મેલા જોડકા પણ સ્વભાવે એક સરખા હોતા નથી તો આ તો બે કુટુંબના રતનો. પાંચ આંગળીઓ પણ આપણી ક્યાં સરખી છે ? લગ્નજીવન એ બાંધ-છોડની રમત છે. આટલું સમજીએ તો દરેકનો બુઢાપો

સુધરી જાય. કોમ્પ્રોમાઈઝ એ જ જીવનનો મહામંત્ર છે. શયનખંડમાં મોટા અક્ષરોએ આ મંત્ર ફ્રેમ કરી લગાડવો જોઈએ.

ભલે બેઠી હજારોવાર એનો હાથ ઝાલીને
હજી ન સમજાયું કે એની નાડ ક્યાં છે
– મરીઝ

જીવનમાં જેને આપણે માટે લાગણી હોય એને જ હક્ક છે કે આપણને ટોકે, આપણી ખોડ બતાવે. પતિ-પત્ની એકબીજા માટે પૂરક છે. નાની નાની બાબતોમાં પણ જો એકબીજાને કહે તો છંછેડાઈ જાય : ‘તારા મોઢામાંથી વાસ

આવે છે, મોઢું ધોયા જેવું લાગતું નથી, જમતી વખતે સબડકા લો છો તે સારું નથી લાગતું, ખાંસી ખાતા કે બગાસુ લેતાં મોઢાં પર હાથ રાખતા હો તો, વિ. જો બહાર લેક્ચર આપતો હો તો એ કેવું ગયું તે ચમચાઓ વખાણ કરશે ને પ્રતિસ્પર્ધીઓ વખોડશે. પતિ કે પત્ની સિવાય સમતુલન અભિપ્રાય બહારના નહિ આપી શકે પણ જો એકબીજાને સાચા હૃદયથી મિત્ર માન્યા હોય તો, આમાં વિવાદ ન હોવો જોઈએ, દલીલ ન હોવી જોઈએ, માત્ર સ્વીકાર જ હોવો જોઈએ.

ઘણીવાર જોયું છે કે પતિ બોલતો હોય, કોઈ વાત ઉત્સાહપૂર્વક કહેતો હોય, ટુચકો સંભળાવતો હોય, બહારગામનું નિરૂપણ કરતો હોય તો પત્ની અધવચ્ચેથી જ ઝંપલાવી વાતને પૂરી કરે. આ પતિ કે પત્નીને હીણપ ઉપજે એવી વર્તણુક

છે. જો પતિ હેન્ડપેક હોય તો એને વાંધો આવતો નથી પણ આ એક ખરાબ મેનર્સ છે. સમય જતા જોયું છે કે જે પતિ આ રીત ચલાવી લેતો હતો તે કંટાળે, ‘ના, તુ જ કહે ને.’ અથવા ‘હું કહી રહ્યો છું ને, વચ્ચે ડહાપણ કરવાની કંઈ જરૂર નથી.’ દર્દી તરીકે આવેલા પતિને પૂછું કે શું થાય છે તો પત્ની જ બોલબોલ કરતી હોય. પત્નીને બહાર મોકલી પતિને પૂછીએ તો કહે, ‘સાહેબ શું કહું ? મારી જીભ પણ એ જ વાપરે છે. મને તો લાગે છે કે જતે દિવસે હું મૂંગું પ્રાણી થઈ જઈશ.’ રસ્તે ચાલતા કુટુંબને નિહાળ્યું છે? ઘણીવાર પતિ આગળ ચાલતો હોય ને પત્ની પાછળ ઢસડાતી હોય, સંતાનો વળી અલગ જ લાઈનમાં. રેસ્ટોરન્ટમાં જાય ને જો ઘણા ટેબલો પર જગ્યા હોય તો ઘરમાં પાટલુન કોણ પહેરે છે એની

પ્રતીતિ થાય. ક્યાંતો જમાદાર પત્ની કોઈ ટેબલ પર ગોઠવાય ને પતિ એ ટેબલ પર બિરાજે અથવા સંઘર્ષ થાય – પતિ એક ટેબલ કહે તો પત્ની બીજું. ઘણીવાર ઓર્ડર આપ્યા પછી ટેબલ બદલે. આ પરિવારના ઉપરીનું કન્ફ્યુઝન બતાવે છે. જમતી વખતે ઓર્ડર આપવામાં પણ ભારી મતભેદ. સ્કુલમાં જતો બાળક કહે, ‘પપ્પા, વીન્સ્ટન ચર્ચીલ વિશ્વ યુદ્ધ વખતે કહેતા કે લડો, જમીન પર લડો ને ડુંગર પર લડો, પાણી પર લડો... પપ્પા, એને આપણા ફેમિલી વિશે કેવી રીતે ખબર?’

જીવનમાં ફક્ત એક સારી વ્યક્તિનો સાથ હોય તો આખી જિંદગી સુખમાં વીતી જાય પણ ક્યારેક આવી સારી વ્યક્તિની શોધમાં આખી જિંદગી વીતી જાય.

સંતાનો

પતિ-પત્ની પરથી સંતાન ગાથા પર આવીએ.

સંતાન મોટા થયા ક્યારે કહેવાય?

પુત્રી લિપસ્ટીક લગાડતી થઈ જાય ને પુત્ર ભૂંસતો થઈ જાય,

એમ કહેવાય કે બાળક સ્વેટર ક્યારે પહેરે? જ્યારે માને ઠંડી લાગે ત્યારે.

આ જૂના જમાનાની ગાથા છે, આજના બાળકો એમને ઠંડી લાગશે તો જ સ્વેટર પહેરશે. કયા રંગનું પહેરવું, કઈ ડીઝાઈનનું તે પણ પાંચ વર્ષનું બાળક પસંદ કરશે. લિપસ્ટીક લગાવવા માટે કે ભૂંસવા માટે ઉંમરનો બાધ આવતો નથી. આજના બાળકો પોતાની પસંદગી પોતે જ કરતા હોય છે પછી રમકડા હોય, કપડાં હોય કે વાર્તાની ચોપડીઓ હોય. સેક્સની બાબતમાં પણ ઘણી નાની ઉંમરે ઘણું જાણતા હોય છે. એમની આગળ ‘તને તો રાજહંસ અમારે ઘરે મૂકી ગયો.’ કહેશો તો તરત આપણા જ્ઞાન પર હસશે. દાદી વાર્તામાં કહેતા કે રાજકુમારીએ દેડકો બચાવ્યો ને રાત્રે પલંગ પર લઈ સૂતી, સવારે તે રાજકુમાર થઈ ગયો તો બાળક કહેશે, ‘દાદી, સાચે જ તમે રાજકુમારીની વાત માનો છો કે રાત્રે સાથે સૂનાર દેડકો હતો?’

આજે તો જુવાનિયાઓના કપડામાં પણ પરિવર્તન આવી ગયું છે. યુવક-યુવતિના કપડા એક જ સરખા (યુનિસેક્સ) છે. યુવતિ બોયકટ કરાવે ને યુવક વાળ વધારી રબરબેંડ મારે, કાનમાં બુટ્ટી પહેરે, આઈ એમ અવેલેબલનું ટી-શર્ટ પહેરે ને યુવતિ આઈ એમ વર્જિનનું ટી-શર્ટ પહેરે, રસ્તે ચાલતા, ક્રોસ કરતા, મહેમાનોની હાજરીમાં, જમવાના ટેબલ પર, બાથરૂમમાં મોબાઈલ પર વાતો ચાલુ જ રહેતી હોય. આપણી સાથે વાત કરવા આવે તો પણ નજર ટી.વી. પર, કાન મોબાઈલ પર ને ધ્યાન ભગવાન જાણે ક્યાં હોય! વાળની સ્ટાઈલ પણ છાસવારે બદલાય. આપણા સમયમાં કોલેજમાં કેટલાક દેવાઅનંદ સ્ટાઈલનો કુઝ્ઝો કરાવતા, પછી આવી અમિતાભ, ધોની, ઈશાંત શર્મા, ગજનીનો આમિરખાન ને તાજેતરમાં અભિષેક બચ્ચન કટ. જેલ (Gel) લગાડી બેઠેલા વાળને શાહુડીના પીછાંની જેમ ઊભા કરે. આપણને આ બધું ન ગમે પણ

સ્વીકાર કરે જ છૂટકો. (મને તો હજામોની દયા આવે છે, દર વખતે નવી સ્ટાઈલ શીખવી પડે.)

હવે શરીર પર છૂંદણા (ટેટૂ) કરવાની ફેશન જાગી છે, હાથ પર સાથળ પર, પીઠ પર, છાતી પર કરાવે. અરે જતે દિવસે જેમ પરદેશમાં આખા શરીર પર કરે છે તેમ આપણે ત્યાં પણ એ ફેશન આવે તો નવાઈ નહીં. પાછી છૂંદણા કરાવેલ વ્યક્તિઓના છૂંદણાની હરીફાઈ પણ થાય છે. આ ફેશન યુવક ને યુવતિ, બેઉમાં આવી છે.

આજે તો શહેરના વાલીઓ બાળકને અંગ્રેજી સ્કૂલમાં દાખલ કરતા હોય છે. માતૃભાષા એમને માટે જાણે કોઈ ફોરેન લેંગવેજ થઈ જાય. અંગ્રેજી વાંચે,

અંગ્રેજીમાં બોલે, અંગ્રેજી સિનેમા ને સંગીત સાંભળે ને વિચારનું માધ્યમ પણ અંગ્રેજી. આ જ્યારે પરણવાલાયક થાય ત્યારે ગુજરાતી વાલીઓ આગ્રહ રાખે કે આવનાર ગુજરાતી જ હોવી જોઈએ. યાદ રાખીએ કે એને ગુજરાતી, સિંધી, મદ્રાસી, કેરાળી, શીખ કે પારસી એમાં કોઈ તફાવત જણાતો નથી. પાર્ટનરનું માધ્યમ પણ અંગ્રેજે એહોય તો જાત-ભાત શું જોવાની? સંસાર બે જણ ભોગવવાના છે, અંગ્રેજી સ્કૂલમાં દાખલ કરતી વખતે વાલીઓ આ વાત સમજે ને સ્વીકારે. આવે વખતે પાછળથી મનદુ:ખ થાય, ઝઘડા થાય એના કરતાં પૈસાની ત્રેવડ હોય તો પરણ્યા પછી એને જુદું ઘર અપાવી દેવું. જુદો વસવાટ થાય છે, સંબંધો જુદા નથી થતા, લાગણીઓ ઉભયપક્ષે એટલી જ રહે છે. કદાચ વધુ ફાલે છે. પોતાની ન્યાતજાતમાં લગ્ન કરાવશો તો ખાત્રી શું કે એ લગ્નસંબંધ સુખી થશે ને ટકશે? જિંદગી એમને જીવવાની છે, એકબીજા સાથે ન

ફાવ્યું તો આપણને દોષ ન આપી શકે. હા, આપને માર્ગદર્શન જરૂર આપીએ, સલાહ જરૂર આપીએ પણ દબાણ નહીં. પુત્રીને વધુ પડતુ દબાણ કરો તો છાનામાના લગ્ન કરી લેશે ને વરવધુ પગે લાગવા આવે એવા અનેક દાખલા જોયા છે.

બહુ થોડા વાલીઓ ખાસ કરીને પિતા હશે જે જુવાન સંતાન સાથે બેસીને કઈ કારકિર્દી લેવી એની ચર્ચા કરી હશે. જે સંતાનો પિતાના જ ધંધા-પ્રોફેશનમાં જોડાઈ જવાના હોય તેમને માટે આ પ્રશ્ન ઉભો થતો નથી. પણ બાકીના પિતાશ્રીઓને પૂછીએ તો કહેશે, ‘સાહેબ, ટાઈમ ક્યાં છે?’ એમની પાસે મીટિંગ, પાર્ટી, સિનેમા, પિકનીક, સમારંભો, બહારગામ અરે ઝઘડા કરવાનો ટાઈમ છે.

ટાઈમ નથી તો સંતાનો માટે. હવે તો ઘરના પ્રસંગો પણ હાફ ડે માં ઉજવાય છે. જેમ જેમ વર્ષો વીતે તેમ તેમ પિતા-પુત્ર વચ્ચેનું અંતર પણ વધે.

પુત્રને સ્ત્રીમિત્ર હોય એ આજના વાલીઓએ સ્વીકાર્યું છે પણ પુત્રીને પુરુષમિત્ર હોય એ સ્વીકારવા ઘણા તૈયાર નથી. કંઘેથી કંધો મિલાવીને જીવી શક્તી આજની યુવતીઓને આ બે મોઢાની વાત પર સખત નારાજગી છે. મિત્રો હશે એટલે ફોન પર કલાકો ચોંટશે આ સ્વીકારે જ છૂટકો.

પરણેલા સંતાનોના જીવનમાં માથું મારવું નહીં. વણમાંગી સલાહનો થાળ ધરવો નહીં. જરૂર પડશે તો તેઓ જ સલાહ માંગવા આવશે એ વખતે ઘમંડ બતાવવો નહીં, ‘કેમ હવે કાકા કહીને પૂછવા આવ્યો ને?’

પુત્ર ઉંમરલાયક થાય એટલે ઘરમાં વહુ લાવવા માતાઓ થનગનતી હોય છે. વહુ આવી ગયા પછીની જે માનસિક તૈયારી હોવી જોઈએ એમાં ઊણપ હોય છે. ધામધૂમથી લગ્ન કરવા છે, જમણવાર કરવો છે. ઘણીવાર તો શહેરી જીવનમાં આડંબર કરતા હોય છે, વહુ આવ્યાનો ગર્વ લેવો છે. દાગીનો 'ખરીદ્યો' હોય એમ આડોશી-પાડોશી, મિત્રો, સગાસંબંધીઓને બોલાવી, વહુ, એના ભણતર, ગુણ ને ખાનદાન વિશે ગર્વથી ડંફાસ મારવી છે.

પણ પછી?

પુત્રને પુત્રવધુ સાથે વધુ બને, રૂમમાં ભરાઈ રહે, માતાપિતા કરતા વહુ સાથે વધુ સમય વિતાવે, બહાર કે બહારગામ જવાનું પૂછ્યા વગર જ પ્લાનિંગ કરે, વહુના પિયરિયા મળવા આવે એમને માટે ચા-પાણી, નાસ્તા થાય એ વખતે જીભ ન બોલે પણ મોઢાના હાવભાવ બોલી ઊઠે.

કેમ પરણ્યા પછી આ ઘર એનું નથી?

એના પિયરિયા, મિત્રો, સગા-સંબંધીઓને બોલાવવાનો એને હક્ક નથી? એને માટે માતાજીની પરવાનગી લેવી પડે?

આવા વર્તનથી સંબંધ વધે કે ઘટે? આ સહન ન થાય એટલે સમય જતા વહુના કપડા, રીતભાત, દરેકમાં નારાજગી ને મહેણાં-ટોણાં શરૂ થાય.

દહેજ લેવી નથી, લઈ શકાતી નથી પણ સાથે સાથે કૂથલી પણ કરવી છે, 'જોયું બહેન, પિયરિયાએ શું આપ્યું એની સગી દિકરીને?' પુત્ર અને પુત્રવધુની ચર્ચા બીજા સાથે કરવી છે અને એ લોકોના પુત્ર - પુત્રવધુના વર્તન સાથે સરખામણી કરીને સંતોષ લેવો છે (કે વધુ દુ:ખી થવું છે). આ ચર્ચાના અંશ પુત્ર, પુત્રવધુ ને વેવાઈના કાન પર કોઈ 'હિતેચ્છુ' પહોંચાડવાનો જ છે, પછી?

પરણેલા પુત્રને કોઈ દિવસ પૂછતા નહીં કે...

¤ ક્યાં જાય છે?

¤ કોની સાથે જાય છે?

¤ ક્યારે આવશે?

આ ત્રણ કક્કાઓ મગજમાં જડબેસલાક વડીલોએ બેસાડી દેવા જોઈએ. સમય જતાં જો આ કક્કાઓ નહીં પૂછો તો સંતાનને જ થશે કે મને કેમ પૂછતા નથી, જાતે જ કહેશે. એ પણ ઘણા કુટુંબીજનોએ અનુભવ્યું હશે કે પુત્ર જરૂર પડતાં માતા-પિતાને ન પૂછે પણ સાસરીયાની સલાહ લેવા દોડે. બાળપણમાં જેને આપણે કેમ બોલવું-ચાલવું (હાઉ ટુ ટોક એન્ડ વોક) શીખવાડીએ એ જ મોટા થતા આપણને ઘણી વાર બેસી જાઓ અને શાંત રહો શીખવાડે છે.

મને હજુ સુધી સમજાયું નથી કે માતાને ‘તું’ કારે બોલાવાય તો પિતાને કેમ નહીં? ‘તમે’ કહીને માનસિક રીતે જ પિતા કરતા આપણે માતાની વધુ નજીક હોઈએ છીએ. અંતર આપણે વધારીએ છીએ. કોઈ પિતાએ સંતાનને કહ્યું છે કે તું મને ‘તું’કારે બોલાવ? પુત્રીના લગ્ન બાદ વિદાય વેળાએ પુત્રીને ભેટી કદાચ પિતા આંસુ સારે પણ પુત્રની વર્ષગાંઠ, એની પરીક્ષાના ઉચ્ચતમ પરિણામ, પરદેશ જતા કે પાછો આવ્યો હોય ત્યારે, લગ્નનો આવકાર, નવા ધંધાની શરૂઆત, અરે જોવા જઈએ તો અનેક ખુશાલીના અવસરો પિતાએ ખોયા છે. કોઈ અવસરે પુત્રને ઝપ્પી આપી છે? નહીં ને? ને પછી આશા રાખીએ કે આપણા બુઢાપામાં પુત્ર આપણને સાચવે. આ નો એંટ્રીનો વહેવાર છે. એ એકમાર્ગી પણ નહીં, કોઈ પણ સંજ્ઞા વગરનો વહેવર સ્થાપો, ઝપ્પી આપો ને ઝપ્પી મેળવો.

જ્યારે જ્યારે સલાહની અવગણના થઈ હશે ત્યારે જ દલીલોની શરૂઆત થઈ હશે.

પૌત્રો ને વંશવેલો

જિંદગીમાં ઈચ્છા ને મહેચ્છાના ડુંગરો અપરંપાર છે, ખુદ સુધી સીમીત હોય ત્યાં સુધી ઠીક છે પણ જ્યારે મહેચ્છાઓ વંશવેલો વધારવા સંતાન પર દબાણ લાવે ત્યારે મને થાય કે આ અંત વગરની અંતાક્ષરી છે. માતા-પિતાને દાદા દાદી કે નાના નાની થવાની ઉતાવળ છે, ‘બેટા, મારી આંખ મીંચાય એ પહેલા તારે ત્યાં ઘોડીયું બંધાય એ જોવાની ઈચ્છા છે.’ બાળક ક્યારે પેદા કરવું એ સંતાનો પર

છોડી દો. પરણ્યા પછી બે-ત્રણ વર્ષની સ્વતંત્રતા ભોગવી લેવા દ્યો, પછી તો બંધન છે જ. આપણે તો જૂજ વર્ષ એના સંતાનોને રમાડી આનંદ માણી લઈશું, કાકા સાંભળ્યાનું દુ:ખ છે, દાદા સાંભળવાનો લ્હાવો છે. પૌત્રો ઉછેરવાની જવાબદારી એના માતા-પિતાની છે. એમાં દાદા-દાદીએ ઠપકો કે અપમાન ન સાંભળવા હોય તો માથું મારવાની જરાય જરૂર નથી. બાળકને લાડ જરૂર લડાવીએ પણ જ્યારે એના માતા-પિતા એને ધમકાવતા હોય, શિરસ્તાનું પાલન કરાવતા હોય, હોમવર્ક કે સ્કૂલના રિપોર્ટ પર ગુસ્સે થતા હોય કે વિનયશીલતાના પાઠ શીખવતા હોય ત્યારે નાક ખોંસવાની જરૂર નથી. તમારા સંતાનોના ઉછેરમાં તમારા વડીલો જ્યારે માથું મારતા ત્યારે તમને કેવું થતું હતું?

આજે ન્યુમરોલોજીએ ઉધઈની જમ નામમાં પેસારો કર્યો છે. પહેલા માગણીઓ ભગવાન પૂરતી સિમીત રહેતી. હવેની પેઢી જો કારકિર્દી ઝોલા ખાતી હોય, લગ્નજીવનમાં વિટંબણાઓ આવ્યા કરતી હોય, તબિયત નરમ ગરમ રહેતી હોય, તો નામમાં કોઈ અક્ષર ઉમેરે છે. જેને માટે ન્યુમરોલોજીસ્ટો સેંકડો ખણખણિયા લઈ ફઈબા થઈ નામ બદલે છે. પછી ચાતકની જેમ ભવિષ્ય સુધરે એના પ્રયત્ન શરૂ થાય, છાપામાં નામ બદલ્યાની જાહેરખબર આપે, જીવનવીમા, અન્ય વીમાઓ, ડ્રાઈવીંગ લાયસંસ, પાસપોર્ટ, જ્યાં જ્યાં જૂની ફઈબાએ નામ પાડેલા તે નવી ફઈબાને કારણે બદલે. ધીરજનો ઉંબરો પાછો સપાટ થઈ ગયો હોય એટલે જો થોડા જ સમયમાં ભવિષ્ય ઉજ્જવળ થતું ન દેખાય તો વળી તે નામમાં અક્ષરની સાથે સરવાળા બાદબાકી કે પાછું જૂની ફઈબાનું નામ ગ્રહણ કરે. મને લાગે છે કે ન તો એમને વિધાતા, ભગવાન, કુંડળી કે ખુદના કર્મ પર

ભરોસો છે. વારંવાર નામ બદલતા એક અપરણિત યુવાનને મેં પૂછ્યું કે ભઈલા, લગ્ન પહેલાં તારી થનાર પરણેતર સાથે નામના અક્ષરોનો સરવાળો મેળવશે કે કુંડળી? મને કહે, 'કેવી વાત કરો છો? કુંડળી જ મેળવાય ને.'

વૃદ્ધાવસ્થામાં સંતાનો પર મદાર રાખનાર મૂરખ કહેવાય. આપણે સંતાનો ઉછેર્યા, કારકિર્દી કરી આપી, લગ્ન કરાવ્યા તો કયો ઉપકાર કર્યો? એ આપણી જવાબદારી હતી. આપણા સંતાનોની જવાબદારી પ્રથમ એમના સંતાનો માટે છે. આપણે માટે કરે તો ઉત્તમ, ઉંમર વધતા આપણી અપેક્ષા વધતી જાય છે. બુઢાપા માટે આપણે સાચવ્યુ ન હોય તો આપણી અણ આવડત.

બીજી એક સલાહ આપું? જીવતા જીવત સંતાનોના નામે મિલ્કત, પૈસા, દાગીના વિ. આપવા નહીં. જે કાંઈ આપવું હોય એ વીલમાં લખવું. દલ્લો મળ્યા પછી કોની નીયત ક્યારે બદલાય એ કહેવું મુશ્કેલ છે. આ જમાનો ખરાબ છે.

ખુદને ખરાબ કહેવાની હિંમત નથી રહી, તેથી બધા કહે છે, જમાનો ખરાબ છે.

- મરીઝ

મિત્રો

બાળપણથી જિંદગીના અંત સુધી મિત્રોની જરૂર રહે છે. બાળપણમાં તોફાન કરવા, શિક્ષકની ટિંગળબાજી કરવા, લેસનની કોપી કરવા, પિકનીક પર ધમાલ

કરવા મિત્રો જોઈએ. યુવાવસ્થામાં 'લાઈન' મારવા, લગ્ન માટે પાર્ટનર વિશે અભિપ્રાય લેવા, કારકિર્દીની ચર્ચા કરવા, વડીલોના દબાણને વર્તણૂક વિશે આપ-લે કરવા મિત્રો જોઈએ. પ્રૌઢાવસ્થામાં પૈસાના રોકાણ વિષે ચર્ચા કરવા, પતિ કે પત્ની, સંતાનો વિશેની મૂંઝવણ સુલઝાવવા, તંદુરસ્તીને લગતી વિગતો જાણવા - મિત્રોની જરૂર ક્યાં નથી પડતી?

પણ ખરા મિત્રો પ્રૌઢાવસ્થામાં કોને કહેવાય? અડધી રાત્રે કામ પડે ને ઉઠાડો ને ઉઠાડતી વખતે કહેવું ન પડે કે સૉરી, તને ઉઠાડવા માટે સૉરી, એ મિત્રતાની ગાંઠને ઢીલી કરી દે છે. મિત્રને તેડું ન હોય. જરૂર પડતાં વગર કહે પડખે આવીને ઉભો રહે. એને સુખદુ:ખ, સંસાર, સંતાન, રોકાણ, તંદુરસ્તી, અરે જાતીય સંબંધની વાત પણ દિલ ખોલીને કરાય. દસકાનો એક એવા પચાસમે વર્ષે જો

પાંચ મિત્ર હોય તો મુઠ્ઠી બંધ કરી એમાં સમાવી લો. મિત્રોની વૃદ્ધિ એ જ વ્યક્તિની સમૃદ્ધિ. પણ સમૃદ્ધિ આવે ને જે બણબણતી માખીઓની જેમ આવે એ મિત્રો નથી. પાર્ટી આપો કે લગ્નની કંકોતરીને આધારે જે પધારે એ બધાય મિત્રો નથી. એ ઓળખાણ છે. મિત્રો પર એટલો ભરોસો હોવો જોઈએ કે જે આપણી ગેરહાજરીમાં પણ આપણા કુટુંબીજનોની સંભાળ લે. સાથે જ કાળાના ધોળા વાળ થયા હોય, કાકા સાંભળતા સાંભળતા સાથે જ દાદા થયા હોય, ગોઠીયાથી શરૂ થઈ મિત્રોની ગઠડી બંધાઈ હોય એવા મિત્રો જોઈએ. મિત્રતામાં ન તો પૈસાનો અહંકાર જોઈએ કે ન તો ગરીબીની હીણપત. કૃષ્ણ-સુદામાની મિત્રતા દ્વારકાના સિંહાસનથી તાંદુલની પોટલી સુધીની હતી. સાચો મિત્ર આપણે ભૂલ કરી હોય તો ટોકે ને આપણી ત્રુટીઓ જાણ્યા પછી પણ મિત્રતા જાળવી રાખે. આપણે

મિત્રમાં મિત્રતા શોધીએ છીએ ત યારે આપણે ખુદ મિત્ર થવાને કેટલા લાયક છીએ એ વિચાર્યું છે?

‘પ્રભુ પાડ માન કે તુજ હરકતોના હિસાબ મેં ફગાવી દીધા,
ગણિતની તોહીન કરી પણ સંબંધો તો નિભાવી લીધા.
- અજય

સાચવવા પડે એ સંબંધો કદી સાચા નથી હોતા. ને સંબંધોને સાચા હોય તો સાચવવા નથી પડતા. આ સંબંધો પતિ, પત્ની, સંતાનો, મિત્રો દરેકને આવરી લે છે. કુટુંબીજન ગુજરી ગયું હોય ને જે સ્મશાને આવે એ ખરા મિત્રો ને સગા,

ઉઠમણાંમાં આવે એ ઓળખાણ.

આપણી પાંચે આંગળી સરખી નથી તો આપણને જોઈએ એવી અક્ષરશઃ વ્યક્તિ તો ક્યાંથી મળી રહે? એક સાથે જન્મેલા જોડકા પણ સરખા નથી હોતા.

જે જન્મ્યું છે તે વિદાય પણ લેવાનું જ છે. જે ફૂલ ઉગે છે તે કોઈ દિવસ કરમાશે પણ. કોઈ અમરપટ્ટો લખાવીને નથી આવ્યું, જીંદગી આખી મિત્રો બનાવવામાં જાય ને યમરાજ એને બુઢાપામાં અળગા કરે. પહેલા મિત્રનું મોત એક માનસિક ઝાટકો આપી જાય. 'આજે આ મિત્ર, કાલે બીજો, સગાં-વ્હાલા, કુટુંબીજન, મારો

વારો પણ હવે દૂર નથી.' એક તરફ ગમગીનતાના કાળા વાદળ અને બીજી બાજુ એકલતાની નિરવતા.

૬૦ વર્ષની ઉંમર પછી આ ગમગીની અને એકલતાનો સામનો કરવાની પણ તૈયારી કરવી જોઈએ. કહેવું સહેલું છે, અમલમાં મૂકવું મુશ્કેલ છે ને છતાંય આ મુશ્કેલી પાર કરે જ છૂટકો. આપણી પાસે બીજો વિકલ્પ પણ નથી. જીંદગીમાં જો કોઈ હોબી કેળવી હોત તો બુઢાપામાં આ મુશ્કેલી સામે લડાય નહીં તો આ વૃદ્ધ સમય કેવી રીતે પસાર કરશે? પુત્રને કરકસર કરવાનું ભાષણ આપશે (વખત બહુ ખરાબ આવી રહ્યો છે), વહુને મસાલા વિશે સલાહ આપશે, નોકરોને સાફ સફાઈના કાયદા બતાવશે. ટૂંકમાં એની પાસે વણમાગી સલાહનો ભંડાર છે જે વારંવાર ખાલી કરશે.

૫૫ વર્ષની ઉંમર પછી...

જેમ ૪૨-૪૫ વર્ષે વાંચવાના ચશ્મા આવે (બેતાળાં) તેમ કેટલાકને ૫૫ વર્ષની ઉંમર પછી સાંભળવાની સહેજ ક્ષતિ જણાય. વ, બ, ડ, ફ અને થ અક્ષરોથી શરૂ થતા શબ્દો ગ્રહણ કરવામાં મુશ્કેલી નડે. બીના કોઈ બોલ્યું હોય તો વીણા સમજાય. આ વારસાગત પણ આવી શકે. બ્લડપ્રેશર અને ડાયાબીટીસના દર્દીઓમાં આ વધુ જોવા મળે છે.

'કલમ ગોરી ને બેતાળાં આંખ,
જતી જુવાનીની નિશાની ઝાંખ.'

બીજા પાંચ સાત વર્ષની કળી જાય અને જો બહેરાશ વધવા માંડે તો અક્ષરોને બદલે શબ્દો સમજવામાં મુશ્કેલી નડે. આવે વખતે વ્યક્તિ, 'હેં શું કહ્યું? શું કહ્યું?' પૂછ્યા કરે અને કાન પાછળ છાજલી કરી કાન આગળ ધરે. વારંવાર હેં શું કહ્યું પૂછ્યા કરે એટલે સંતાનો, સગાં-સંબંધીઓ ને પત્ની સુદ્ધાં કંટાળે, બોલવાનું ટાળે અથવા બે વાર બોલવું ન પડે માટે મોટેથી બોલે. વ્યક્તિ એની બહેરાશ માટે એટલી જાણીતી થઈ જાય કે મેળાવડામાં, લગ્નમાં, સમારંભમાં, એકબીજા આ વાતને પ્રસારે. 'એને કેમ છો કહીને સરકી જજો નહીંતર હેં... હેં... કહીને માથું ખાઈ જશે.' વારંવાર બબ્બે વખત બોલાવનારને અમે ડુપ્લીકેટર કહીએ છીએ.

વળી પાંચ સાત વર્ષ વીતી જાય ને જો બહેરાશ વધે તો શબ્દો ચૂકી જતા હતા ત્યાં હવે અડધું-પડધું વાક્ય જ સાંભળે જેમાંથી અર્થ ન સરે. આંખે મોતિયો હોય

એટલે વાંચવામાં તકલીફ પડે, ટી.વી જોવામાં મજા ન આવે, સમજાય નહીં, સંભળાય નહીં, પૂછાય નહીં. પત્ની પણ ઠપકો આપે, 'શું પૂછ પૂછ કરો છો. મને તો શાંતિથી જોવા દો.'

પતિ જ્યારે બહેરાશના ત્રીજા તબક્કે પહોંચ્યો હોય ત્યારે પત્ની કદાચ પહેલા તબક્કામાં હોય ને અક્ષરમાં જ ગફલત કરતી હોય. આ પ્રકારની બહેરાશમાં આંતરિક કાનની નસની શક્તિ કમજોર થતી હોય છે જે દવા કે ઓપરેશનથી સુધારી શકાતી નથી. આવી વ્યક્તિઓને અમે ઔરંગઝેબ કહીએ છીએ. શૂન્યમનસ્ક થઈ જાય, સંગીત, વાતચીત, વાંચવામાંથી રસ ઉડી જાય, વિચારોમાં ખોવાયેલ રહે. રિટાયર્ડ થઈ ગયો હોય કે થવાનો હોય ને ઓફિસના અન્ય કર્મચારીઓ એને ટાળે ત્યારે થાય, 'આ જ લોકોને હું... હું ઉંચા લાવ્યો ને

આજે મારી સાથે વાત કરવા પણ તૈયાર નથી.' ન સંભળાય એટલે એને સતત લાગ્યા કરે કે રૂમમાં બેઠેલા એની જ વાત કર્યા કરે છે. એવા અનેક દાખલાઓ છે કે માત્ર શંકાથી પ્રેરાઈને આવા વૃદ્ધ લોકોએ પોતાના વીલ બદલી કાઢ્યા છે.

૨૦ વર્ષે ચિંતા થાય કે લોકો મારે માટે કેમ કંઈ કહેતા નથી.

૪૦ વર્ષે થાય કે ચૂલામાં જાય, લોકોને જે કહેવું હોય તે કહે.

૬૦ વર્ષે થાય કે લોકો મારે માટે શું કહે છે.

મહિલાઓમાં રહેલા હોર્મોન માથાના વાળની જેમ સાંભળવાની નસને રક્ષણ આપે છે. તમે કેટલી ટાલવાળી મહિલા જોઈ છે? ડૉક્ટર તરીકે મારે પણ માથું ખંજવાળવું પડે.

આનો એકમાત્ર ઈલાજ છે શ્રવણયંત્ર (હિયરીઁગ એઈડ) પ્રથમ તબક્કામાં એને વાપરવાની જરૂર નથી પણ બીજા તબક્કા પછી લેવું ખૂબ જ આવશ્યક છે. ચશ્મા વ્યક્તિ પોતે જોઈ શકે તે માટે તરત જ સ્વીકારતા હોય છે, જ્યારે શ્રવણયંત્ર સહેલાઈથી નથી સ્વીકારતા. આનું માનસિક કારણ સમજવા જેવું છે. બહેરાશ એ 'છુપાયેલી' આંતરીક કાનની ક્ષતિ છે. શ્રવણયંત્ર પહેરવાથી એ ક્ષતિ 'ઉઘાડી' પડી જાય છે. બોલનારને થાય કે સાંભળનાર બહેરો છે એટલે વધુ જોરથી બોલે કે જેથી બે વાર બોલવું ન પડે પરીણામે આ મોટા અવાજે બોલેલુ સમજાય નહીં ને બોલી ઉઠે,

ભાઈ મારા, હવે ધીમેથી બોલ,

જે પહેર્યું છે તે ઈલાજ છે, રોગ નથી.

ત્રીજા તબક્કામાં પહોંચેલી વ્યક્તિ ધીમેથી બોલેલું સાંભળી શકે છે. જ્યારે ટેલીફોન, એલાર્મની ઘંટડી, બાળકના જોરથી રડવાનો અવાજ સાંભળવામાં મુશ્કેલી નડે છે. એ વખતે એની પત્ની ને સંતાનો જ એની આ પ્રકારની બહેરાશ સ્વીકારવા તૈયાર નથી, 'ડૉક્ટર, સાંભળવું હોય ત્યારે બધુ સાંભળે છે. ધીરેથી બોલીએ તો પણ સાંભળશે ને ઘંટીઓ વાગે ત્યારે જાણે સાંભળ્યું જ ન હોય એમ મોઢું કરીને બેસી રહેશે. સવલતની બહેરાશ છે.' માટે જ શ્રવણયંત્ર સ્વીકારવુ જોઈએ. કુટુંબીજનો સાથે વાતચીત, પ્રોગ્રામ, પાર્ટી અને ટી.વી માણી શકાય. આને માટે વ્યક્તિએ ખુદ સ્વીકાર કરવાનો છે. એના પર શ્રવણયંત્ર બળજબરીથી

ઠોકી બેસાડશો તો બીજાના સંતોષ ખાતર કદાચ ખરીદશે પણ અનેક બહાનાઓ કાઢી પહેરશે નહીં.

શ્રવણયંત્ર અનેક પ્રકારના ઉપલબ્ધ છે. ખીસ્સામાં રાખવાનું ને એમાંથી વાયર કાનમાં પહોંચે. આ પ્રમાણમાં સસ્તા આવે પણ વાયર ઝૂલતો દેખાય એટલે વ્યક્તિ સ્વીકાર ન કરે. બીજા પ્રકારનું શ્રવણયંત્ર કાનની પાછળ પહેરવાનું ને એમાંથી નાની પારદર્શક પ્લાસ્ટીકની નળી કાનમાં જાય. ચશ્માની દાંડીમાં બેસાડેલા શ્રવણયંત્ર પણ મળે છે પરંતુ અમુક હદની બહેરાશમાં જ ઉપયોગી થઈ પડે છે. કાનની અંદર પહેરવાનું શ્રવણયંત્ર જે આપણા ભૂતપૂર્વ મુખ્યપ્રધાન વાજપાઈજી પહેરે છે. જેટલું ફેન્સી લેવા જાવ એટલી કિંમત વધે. સામાન્ય રીતે એક જ કાનમાં શ્રવણયંત્ર પહેરવાની જરૂર પડે છે. પહેર્યા પછી લગભગ

દરરોજના ચાર કલાક ત્રણ અઠવાડીયા સુધી પહેરો પછી ટેવાઈ જશો. ત્યાં સુધી કાનમાં એક જાતનો સતત ધીમો અવાજ સંભળાયા કરે. શ્રવણયંત્ર એ કાનમાં બેસાડેલું દ્વનિવર્ધક યંત્ર (એમ્પ્લિફાયર) છે. પવનનો સુસવાટો, પંખાનો કે એરકંડીશનનો અવાજ તે ઘોંઘાટને પણ ધ્વનિવર્ધક કરશે. વ્યક્તિ પહેલી વાર ચશ્મા પહેરે ત્યારે ગંદકી ને મનુષ્ય બેઉ સરખા 'ચોખ્ખી રીતે' દેખાતા હોય છે પરંતુ શ્રવણયંત્ર પહેર્યા પછી એને માત્ર બોલેલું જ સ્પષ્ટ સંભળાય એવી ઈચ્છા રહે પણ આ જાતનું ફિલ્ટર શક્ય નથી.

નબળી નજરૂએ ચશ્મા માંગ્યા
આ દેખીને કાન પણ જાગ્યા
(અમે બે બહેનો તો બાજુ બાજુમાં છીએ)

રહે સામે સામે ને નખરા કેવા
સ્ત્રી જોવાની છે ચીજ
સાંભળશો તો પડશે વીજ.
- અજય

ભૂલવાનું -

૫૫ વર્ષની ઉંમર બાદ વ્યક્તિનું નામ જ યાદ ન આવે. એનો ચહેરો-મહોરો, ક્યાં મળ્યા હતાં, કોની સાથે, શું પહેર્યું હતું, શું વાત કરી હતી એ બધું જ યાદ હોય. ન યાદ આવે માત્ર એનું નામ. દુનિયાભરની પુરુષ મહિલામાં થતી ઉંમરને લગતી યાદદાસ્ત પરનો આ પ્રહાર છે. સાત પ્રકારની યાદદાસ્ત છે, આપણા

અતીતની વાતો, તાજેતરના બનાવો, ચહેરા-મહોરા, નામ ઈત્યાદી. વૃદ્ધ વ્યક્તિને યુવાની, અરે બાળપણની વાતો પણ રજેરજ યાદ હોય પરંતુ સવારે શું ખાધું હતું એ યાદ ન આવે.

૭૦ વર્ષનો વૃદ્ધ એની પત્નીને મહીનાથી 'ડાર્લિંગ, ડાર્લિંગ' કહીને બોલાવ્યા કરે. આ સાંભળીને એક જુવાનિયાએ કહ્યું, 'આ ઉંમરે પણ તમને તમારી પત્ની માટે કેટલો પ્રેમ છે!' વડીલ કહે, 'મૂંગો રહે, ડાર્લિંગ કહું છું કારણ કે છેલ્લા એક મહીનાથી એનું નામ જ યાદ નથી આવતું.

નામની ભૂલાતી યાદદાસ્ત એ ઉંમર સાથે વધતી રામકહાણી છે. ઘરને ઓફિસની વ્યક્તિઓ જેની સાથે વર્ષો વીતાવ્યા હોય એનું જ નામ મગજ જીભને ન પહોંચાડે. પતિએ પત્નીને કહ્યું, 'આપણે માથેરાનમાં જેને મળેલા, અંબોડો કરેલો,

લાલ સાડી હતી, મોટો ચાંદલો, ભારેખમનો ભપકો, સાથે ટાલિયો વર, બોલ, જલદી બોલ નામ શું?' પત્નીએ કહ્યું, 'એનું નામ વીણા.' 'અરે એનું નામ તો યાદ છે, તારૂ નામ શું?'

નામ યાદ ન રહેતી વ્યક્તિ દયામણા ચહેરે ભીખ માંગવા નીકળતી હોય છે. પત્નીને પૂછે, મિત્રને પૂછે, સાથે જે કોઈ હોય તેને પણ પૂછે, 'એનું નામ શું હતું?' મારી સલાહ છે કે આવા યાચકને મદદ ન કરશો. એને એના મગજ સાથે સાંઠમારી કરી નામ યાદ કરવા દો. તમને આવું થતું હોય તો તમે પણ નામની 'ભીખ' માંગવા ન નીકળો. ત્રણ વર્ષ જો મગજ સાથે સાંઠમારી કરશો તો જીંદગીના અંત સુધી યાદદાસ્ત તીક્ષ્ણ થઈ જશે.

ક્યારે કોને શું કહું એ યાદ રહેતું નથી
હવે ચુપ રહેવાનો સમય આવી ગયો છે.
- મરીઝ

ભૂલવાની માત્રા ધીરે ધીરે વધતી જાય છે. બોલતા બોલતા બાકીનું કહેવાનું ભૂલી જાય. ટેલીફોન પર વાત કરતા કરતા બાકીનું બોલવાનું યાદ ન આવે. બાથરૂમમાં નહાવા જાવ ને યાદ ન આવે ને ટુવાલ વીંટાળી બહાર આવે.

કોઈ પણ ઉંમરે અને ખાસ કરીને ૫૫ વર્ષ બાદ આંકડા સાથે બોલવું નહીં. 'મારે તમને ચાર વાત કહેવી છે.' ત્રીજી વાત પતે પછી ચોથી યાદ ન આવે. સાંભળનાર ગણતા હોય છે, 'ચોથી વાત કઈ?' કોઈ સંસ્થામાં ભાષણ આપવાનું હોય તો અચૂક આ વાત યાદ રહે.

ભૂલવાની પ્રક્રિયા ઓછી હોય તેમ ૫૫ વર્ષ પછી કેટલીક વ્યક્તિઓ તરત નિર્ણય નથી લઈ શક્તા. 'જાવ ત્યારે બારણું ખુલ્લું રાખજો. ના.. ના.. બંધ કરજો.' આને માટે દ્રઢ મનથી બોલતાં પહેલા શું કહેવું છે તે નક્કી કરો.

ઘણી વખત આપણે સાંભળીએ છીએ કે બોલનાર એકનું એક બે ત્રણ વાર બોલે, જાણે કે આપણે અબુધ હોઈએ. કેટલાક વળી વાક્યે વાક્યે 'આઈ મીન, યૂ સી.' ફેંકતા હોય છે જ્યારે ખૂબ જ અગત્યની ચર્ચા ચાલતી હોય કે સંસ્થામાં ભાષણ કરતી વખતે આ પ્રકારના ફાંફા સાંભળનારનો રસ ઉડાડી દે છે.

* * * * *

ઘડપણ એટલે પરિવર્તનને સ્વીકારવાની અને

પચાવવાની અશક્તિ

માનવ ઈતિહાસમાં ક્યારે પણ જૂની પેઢીને નવી પેઢી
ડાહી લાગી નથી.
જગતનું સૌથી ઘરડું વિધાન આ પ્રમાણે છે –
'આ દુનિયા હવે પહેલા જેવી રહી નથી.'

જાતીય સંબંધ

ઘણાનો અનુભવ છે કે 55 વર્ષ પછી પુરુષમાં અચાનક જ સેક્સ જીવનમાં ઓટ આવતી હોય છે. ભલે પુરુષ 55 વટાવી ગયો હોય, અરે 65નો પણ થયો હોય તો પણ એની દિકરી કે પૌત્રીની ઉંમરની સુંદર દેખાતી યુવતિ જોતા આંખ ચકળવકળ થઈ જાય, પછી ભલેને પત્ની બાજુમાં બેઠી હોય. કહેવાય છે ને કે

વાંદરો બુઢ્ઢો થાય પણ ગુલાંટ મારવાનું ન ભૂલે. આવી વખતે પત્નીને કહેતા સાંભળી છે, ‘ઘરે ઉપવાસ ને બહાર મીઠાઈ જોઈ માખીની જેમ બણબણો છો.’ મારી દરેક મહિલાને સલાહ છે કે પતિના આ નજર મિલનનો સ્વીકાર કરો. તમે ના પાડશો, મહેણાં મારશો, ટોકશો તો પણ એ કરશે જ. બીજું, પત્ની સાથે 15-20 વર્ષની જાતીય જિંદગી પછી જ્યાં સુધી પુરુષના મનમાં બીજી કોઈ સુંદરી ન રમે ત્યાં સુધી એ પત્ની સાથે પ્રેમ કરી શક્તો નથી. આ મનની સુંદરી કોઈ ફિલ્મમાં જોયેલી હિરોઈન હોય, આડોશન પાડોશન હોય કે પાર્ટીમાં થોડીક મિનિટમાં મોહિત કરતી માનુની હોય. મહિલાઓએ સમજવું જોઈએ કે પતિના મનમાં આ સુંદરી રમે છે માટે જ એ તેને પ્રેમ કરી શકે છે. જે ઉર્મિઓ પુરુષને થાય એવી જ મહિલાઓને પણ પરપુરુષને જોઈને થતી હશે. આ મનમાં રમતી

વ્યક્તિની યાદ ક્ષણભંગુર છે. આજે આ તો કાલે કોઈ ઓર, આ નિર્દોષ નજર મિલનની માનસિક ગુલાંટ છે.

હે ભગવાન...

મને સમજાતું નથી કે ભગવાન પાસે માથું ઝુકાવતા તબિયત, ઝઘડાનું નિરાકરણ, પ્રેમ, લગ્ન, પૈસા, તરક્કી એ બધુ માંગવાનું શું કામ?

પ્રભુ શું પ્રજ્ઞાચક્ષુ છે?
          કર્ણબધિર છે?
          અક્કલ મંદ છે?

એને ખબર નથી કે આપણને શું જોઈએ છે? છઠ્ઠીને દિવસે વિધાતા આપણી જિંદગીનો નકશો ચીતરી ગઈ છે. આ સરકારી ખાતું નથી કે બ્યુરોક્રેટે લખ્યું હોય એ નકારી મંત્રી ઉદ્યોગપતિને મનગમતું લખી આપે. મુખ્યત્વે માંગણી પૈસાની જ હોય. તમે જ કહો કે લક્ષ્મીનારાયણ મંદિરમાં જઈને માનવી પૈસા માંગે તો શું નારાયણ ‘લક્ષ્મી’ આપી દે? અનેક દેવ-દેવીઓની માનતા માને -

હે પ્રભુ, મને જેની જરૂર છે તે તું આપ,
ને ન આપી શકે તો બીજો પ્રભુ આપ.’
- મરીઝ

ભગવાનને પણ થતું હશે કે આ તો આયા રામ – ગયા રામ જેવો છે. આજે મને પગે લાગે છે, મને લાંચ આપે છે, કાલે બીજા પાસે જશે. દેવલોકમાં ઝઘડા કરાવશે.

‘દુનિયામાં એને શોધ, મંદિરમાં ગયા વગર
ફરતો રહે છે ઈશ્વર, સરનામું આપ્યા વગર.’
- મરીઝ

ભગવાનને મંદિરે બેસાડી સરનામું આપણે આપ્યું છે. ભગવાનને આપણે મંદિરમાં કેદ કરી દીધા છે. પ્રભુના ઉઠવાનો સમય મુકર્રર, સૂવડાવવાનો સમય નક્કી, અઠવાડીયાના દરેક વાર આપણે અલગ અલગ દેવ-દેવીઓને અર્પણ કરી

દીધા છે. નજીક મંદિર હોય ત્યાં જઈ જે દેવ-દેવીને એમને અર્પેલા તહેવારે દર્શન કરે ને ગલ્લામાં પૈસા મૂકી, મનોમન માંગે. સમય કાઢી જ્યાં એમનું મુખ્ય મંદિર બનાવ્યું હોય ત્યાં જાય ત્યારે નજીકના ભગવાનને પણ થતું હશે કે શું એ ડુપ્લિકેટ છે? નાનામં કેદ પણ આપણે જ કર્યા ને મોટામાં પણ આપણે જ. પ્રભુ કણકણમાં છે કહીને આપણે ડહાપણ ડોળીએ છીએ પણ આપણી અંદર જ છે કેમ સમજતા નથી? દિલથી માંગ્યા વગર પ્રાર્થના કરનારને મંદિર જવાની જરૂર પડતી નથી પણ એવા કેટલા હશે?

માનવીએ પૂજાને બહાને પ્રભુને મંદિરે ઠઠેર્યા
મોક્ષ કમાવવાનો શું ફાંકડો મારગ જડ્યો.
આરતીના એકાવન

ને અભિષેકના એકસો એક
આરસના ચરણસ્પર્શના અગિયાર
પેલા ગલ્લામાં ફેંક
એક રૂપિયો જ હોય તો
ફર્લાંગ દૂરથી પ્રભુની ઝાંખી કર
ને વીન પૈસે ભીખ માંગતો
મંદિરના તું ફેરા ફર
કરતૂતોને નાતે માનવીએ
દેવતા બનવાનો દાવો કર્યો
પ્રભુએ કહ્યું, તું દેવતા ન બનતો
સ્વર્ગનું મારું સિંહાસન ન ડોલાવતો

આટલા પુણ્યથી તને સ્વર્ગમાં નહીં ખેંચાય.
હું જ તારા પાપથી ખેંચાઈ નીચે આવું છું.
દેવતા તરીકે તને સ્વર્ગમાં નહીં જીરવાય
એ ડરથી જ દરેક કાળમાં હું પૃથ્વી પર આવું છું.
- અજય

અંતિમ યાત્રા

જેમ બહારગામ જવાની તૈયારી કરીએ છીએ તે જ પ્રમાણે આપણી અંતિમ યાત્રાની પણ તૈયારી 60 વર્ષની ઉંમર પછી તો દરેક વ્યક્તિએ કરવી જ જોઈએ.

'આ તૈયારી એટલે શું?'

વીલની વાત કરી, પૈસાના રોકાણની વાત પણ કરી. આ હકીકત છે કે પતિ-પત્નીનો સ્વર્ગવાસ એકસાથે થવાનો નથી. બેમાંથી એક પહેલા જશે ને બીજુ એકલું પડી જશે. એકલતાની જિંદગી જીવવી પડશે એવો વિચાર કોઈ દિવસ કર્યો છે? સંતાન એમના કુટુંબમાં વ્યસ્ત હોય, સમવયસ્ક મિત્રો પણ કદાચ એક પછી એક પ્રભુને દ્વારે પહોંચી ગયા હોય, દરેક ગાઢ મિત્રના મૃત્યુએ વિચાર આવે કે આજે આ ગયો, કાલે બીજો જશે, મારો પણ વારો હવે દૂર નથી. એકલતામાં વ્યસ્ત રહેવાય માટે કોઈ શોખ કેળવ્યો છે? હોબી એ એકલતામાં સધીયારો આપનાર સચોટ 'વ્યસન' છે. એક દિવસ, માત્ર એક જ દિવસ એકલતામાં ધકેલાવ એ પહેલા એકલતાનો અનુભવ કરો. ન ટી.વી., ન રેડીયો, ન છાપું, ન

તો મિત્ર, આડોશી પાડોશી કે સગા સંબંધીને ત્યાં જઈ ચોંટો તો અહેસાસ થશે કે દિવસ કેટલો લાંબો થઈ ગયો છે. દિવસ લાંબો લાગશે તો બાકી રહેલી જિંદગીનું શું?

પતિ-પત્નીમાંથી એક જિંદગીના તખ્તા પરથી વિદાય લે ત્યારે બીજા પાર્ટનરને જેટલું દુ:ખ થાય છે, ગમગીનતા આવે છે ને જેટલી લાંબી ચાલે છે એટલું દુ:ખ, ગમગીનતા ખુદના કુટુંબમાં વ્યસ્ત સંતાનોને થતું નથી. ત્યારે પિતા વિચાર કરે, 'મા જેવી મા સદાયને માટે ગઈ છે પણ જરાય સંતાપ આ લોકોને થાય છે?' પિતાના મૃત્યુથી માતાને દુ:ખ થાય, 'પેટે પાટા બાંધી આમને ઉછેર્યા પણ પિતા મરી ગયાનો અફસોસ એક દિવસ પણ મોઢા પર દેખાતો નથી.' આપણે સમજીએ કે જે ઉંમર વટાવી ગયું છે તે જવાનું છે તેની યાદ બહુ જલ્દી ભૂંસાઈ

જતી હોય છે. કોઈ પણ ઉંમરના સંતાનનું મોત, જીવતા મા-બાપને જિંદગી આખી કોરી ખાતું હોય છે. પરંતુ કોઈ પણ ઉંમરના વાલીઓની વિદાય સંતાનોને ક્ષણભંગુર રહે છે.

‘પીપળ પાન ખરંતા, હસતી કુંપળિયા
મુજ વીતી તુજ વીતશે ધીરી બાપડિયા.’

પીપળનું જૂનું પાન કૂંપણને ખીલતા જ ડરાવે પણ વસંત જૂના પાનથી શોભતી નથી. જતા જતા ખરતા પાને કહેવું કે તારા પણ આ જ હાલ થશે તે યોગ્ય છે?

60 વર્ષની ઉંમર પછી સંતાનોનો મોહ ઓછો કરો. આ સલાહ ખાસ કરીને માતાઓને આપું છું. તમે તમારી જિંદગી જીવો ને એમને એમની જિંદગી એમની રીતે જીવવા દો. ૩ ફુટની જિંદગીમાં હવે કેટલા ઈંચ જિંદગી બાકી રહી? બાકીની જિંદગી પત્ની કે પતિ સાથે મળી એકમેકના થઈ મિત્રતાથી વિતાવો. ક્યારે અળગા થઈ જશો ખબર નથી. છેવટે તો આપણે બે જ કવિતા અહીં લેવી. જે કરવાની ઈચ્છા છે તે કરો. ધર્મ કરવો હોય, દાન કરવું હોય, દુનિયા માણવી હોય, વાંચવુ હોય, સંગીત સાંભળવું હોય, અંતિમ વિદાય પહેલા માણી લો. દાન કરવું હોય તો જીવતા જીવત કરી લો. વીલમાં લખીને સંતાનોને ભરોસે ન છોડો. યમરાજને પણ એકવાર થવું જોઈએ કે આવી વ્યક્તિને લેવા આવ્યો છું.

યાદ રાખો કે તમે મહાન નેતા કે અભિનેતા ન હો તો તમારું નામ; ફોટા વિ. તમારા ગયા પછી બે પેઢી સુધી ઘરના કોઈ ખૂણામાં હશે પછી ભંગાર કે પસ્તીવાળાને ત્યાં હશે. તમારા જ ઘરમાં તમારા દાદા-દાદીની તસ્વીરો છે? છે તો કઈ જગ્યાએ શોભા વધારે છે કે કોઈ પરબીડિયામાં ધૂળ ખાય છે?

ફ્રેમમાં જડાયેલી વડીલોની તસ્વીર જોયા કરતો હતો
ક્યારે હું તસ્વીર બની જઈશ ખબર નથી
તસ્વીર થઈ ફ્રેમમાં લટકીશ કે નહીં એ ખબર નથી
મૃત્યુતિથિએ યાદ રાખી એના પર
હાર ચડાવશે કે નહીં, ખબર નથી.
હાર લેતી વખતે પૈસાની રકઝક થઈ હશે કે નહીં

એ ખબર નથી
ખબર છે તો એટલી જ
કે આજે હું નથી એની કોઈને ખબર નથી.
- અજય

અંતિમ વિદાય કેવી હશે?

ઊંઘમાં જ મોત કે કોઈની સેવા-ચાકરી કરાવ્યા વગર અચાનક જ ઢળી પડવું પુણ્યશાળીને જ મળે છે. જિંદગીમાં જો મેં કંઈ ભગવાન પાસે માંગ્યુ હોય તો માત્ર એટલું જ માંગ્યુ છે..

અસ્વીકાર

કેટલીક માંગણીઓ અસાધ્ય હોય છે. માંગણીના નામો લઈ ડરાવવા નથી માંગતો પણ પહેલીવાર જ્યારે ડોક્ટર નિદાન કરે ત્યારે દરદી સ્વીકારતો નથી હોતો. ડૉક્ટર બદલે, લેબોરેટરી બદલે, ઈંટરનેટ પર ફાંફાં મારે, સગવડ હોય તો પરદેશ રિપોર્ટ મોકલી ખાત્રી કરે.

ગુસ્સો

અસ્વીકાર પછીનો બીજો તબક્કો છે ગુસ્સો. 'મને જ શું કામ?' પત્નીને કહેતા સાંભળી છે, 'ડૉક્ટર, આખો દિવસ સિગરેટ તો એ ફૂંક્યા કરે છે, મને કોઈ વ્યસન

નથી તો મને કેંસર શું કામ થયું? આનો અર્થ એમ નહીં કે પત્ની ઈચ્છે કે પતિને રોગ આવે ને પોતે રોગમુક્ત રહે પણ મનુષ્ય સ્વભાવ આ વખતે સરખામણી કર્યા વગર રહી શક્યા નથી. ધીરે ધીરે ગુસ્સો સ્વીકારમાં પરિણમે ને શરૂ થાય છે સોદાબાજીનો તબક્કો.

સોદાબાજી

'ભગવાન, મેં તારું શું બગાડ્યું છે? મેં કોઈનું ખરાબ ઈચ્છ્યું નથી. તારા પગે તો હજારો વાર મસ્તક નમાવી કંઈક મંદિરોમાં પૂજાપાઠ કર્યા છે. મેં માંગેલું ભલે તેં ન આપ્યું પણ હવે મને શાંતિથી ઉપાડી લેજે.' દરરોજની ભગવાન સાથેની સોદાબાજી દરદીને ગમગીની (ડિપ્રેશન) તરફ ધકેલે છે.

ગમગીની

મારા ગયા પછી મારી પત્નીનું શું થશે?
મારી માલ-મિલ્કત સંતાનો સંભાળી શક્શે?
માંદગીનો ખર્ચો કેટલો ચાલશે?
બિચારા કુટુંબીજનોને દેવું તો નહીં કરવું પડે ને?
પીલાઈને મરીશ કે ભગવાન મને વધુ રીબાવ્યા વગર ઉઠાવી લેશે?

જીવાડે પ્રેમથી એવા ક્યાં મળે છે લોક ‘બેફામ’
મતલબ હોય છે તો લોક મરવા પણ દેતા નથી.
- બેફામ

હોસ્પિટલ

દરદીને જ્યારે અસાધ્ય રોગમાં હોસ્પિટલમાં ખસેડવામાં આવે છે ત્યારે એ દરદી મટી કેદી બની જાય છે. નેતા-અભિનેતા કે મહાન ઉદ્યોગપતિ ન હોય તો એને નામથી નહીં, રૂમ નંબરથી જાણવામાં આવે છે. (404 નંબરની ફાઈલ આપજો) સવારે ઉઠવાનો, નહાવાનો, નાસ્તો કરવાનો, જમવાનો, સગાવ્હાલાંને મળવનો, જેલર (ડૉક્ટર)ને મળવાનો ને રાત્રે સૂવાનો સમય નક્કી. આવી અવસ્થામાં એને છેલ્લા શ્વાસ હોસ્પિટલના ખાટલામાં નહીં, ઘરના વાતાવરણમાં કાઢવા છે પણ દરદી તરીકે એના બોલવાનો હક્ક પણ છીનવી લેવાય છે ને માત્ર સાંભળવાનો જ હક્ક રહે છે. એને આખા દિવસમાં એકાદ વ્યક્તિ સાથે, એકાદ વાત, એકાદ મિનિટ કહેવી છે પણ સમય દરદી પાસે છે, હોસ્પિટલના કર્મચારીઓ પાસે નહીં.

હોસ્પિટલમાં માણસો તો ઘણા છે
પણ માણસાઈ વાળો એક તો મેળવો.
- અજય

વિઝિટીંગ સમય દરમ્યાન મિત્રો, સગા-સંબંધીઓ ઉમટી આવે, જો દરદીને મળવા ન જવા દો તો ચર્ચા કરે, 'મોટે ઉપાડે આપણે એમની ખબર કાઢવા ગયા પણ રૂમમાં મળવા પણ ન જવા દીધા.' આવી મનોદશા ધરાવનારે સમજવું જોઈએ કે બધાને મળવાની ઈચ્છા દર્દીને નથી હોતી. એ હિતાવહ પણ નથી. વળી આ હિતેચ્છુઓ દરદી આગળ જ ચર્ચા કરે, 'મારું માનો તો આ ડૉક્ટરને બોલાવો, હોસ્પિટલ બદલો, એલોપથી છોડો, મારા વૈદરાજની પડીકી લો,' છેવટે 'આપણે શું? સલાહ આપી પછી એમની મરજી.'

ડૉક્ટર તરીકે બે પ્રકારના દરદીઓ જોયા છે, ‘ડૉક્ટર મારે મરવું નથી, કાંઈ પણ કરો.’ તો ‘ડૉક્ટર બસ, હવે મને મારી નાખો, બહુ થયું.’ વારંવાર એકનું એક આ પ્રમાણેનું ગીત ગાતા દરદીઓથી ડૉક્ટરને ખુદના સગાવ્હાલાં બેઉ કંટાળે છે, ‘આના કરતા તો અંત આવે તો સારું, છૂટીએ.’ બહારગામ જવાની તૈયારીમાં આ વાત પણ યાદ રાખવી.

માંદગીમાં અંતિમ ઘડીઓ ગણાઈ રહી છે, દરદી ખુદ પણ જાણતો હોય છે ને કુટુંબીજનોને પણ ખબર હોય છે. છતાંયે જ્યારે ડૉક્ટર તરીકે દરદી પાસે જઈએ ત્યારે કહેતો હોય છે, ‘ડૉક્ટર, મને ખબર છે હવે હું જીવવાનો નથી પણ મારી

પત્નીને આ ન કહેતા નહીંતર ભાંગી પડશે.’ પતિ પત્ની બેઉને અંત વિશે ખબર છે છતાંયે જિંદગીના અંત વખતે આ છુપાછુપી શું કામ?

પાસે જઈ એના હાથ પર કે માથા પર હાથ ફેરવી બેસો, દિલાસાના આડંબરને દફનાવી દ્યો, ‘તમને કંઈ થવાનું નથી, સારા થઈને ઘરે જશો.’

‘તો મને ઘરે લઈ જા.’

આવા વખતે જો દરદીની હાલત ઘરે લઈ જઈ શકાય એવી હોય તો જરૂર લઈ જાવ. ફાંસી પામેલા કેદીની પણ છેલ્લી ઈચ્છા પાર પાડવામાં આવે છે તો આ તો આપણો જીવનસાથી. ન લઈ જઈ શકાતુ હોય તો પાસે બેસો.

પાસે બેસ તો ઘડી પણ લંબાઈ જશે,
સફર મારી તારી યાદમાં સુખદ થઈ જશે.
- અજય

આવે વખતે હોઠ નહીં, આંખોથી બોલો, જરૂર છે ઘડીનો સાથ, શબ્દ વગરની વાતચીત, લગ્નની રાત્રે આંખેથી વધારેલો પરિચય.

મહેમાન છું ઘડી બે ઘડીનો
બોલીને મૌનનો મલાજો ન તોડીશ
- અજય

જો દરદી રીબાતો હોય તો અંદરખાનેથી તમારી પણ ઈચ્છા હોય છે કે આના કરતા તો જલદી અંત આવે તો સારું, આ પીલાય છે તે સહન નથી થતું. અત્તરની શીશીમાં છેલ્લા ટીપાં રહ્યા હોય ને શીશી તૂટે કે ઢોળાય એનો અફસોસ નથી થતો, જિંદગી આખી સુવાસ ફેલાવનારનું અત્તર ઢોળાઈ રહ્યું છે.

સ્નેહીઓ મૃત શરીર પર શું કામ ફૂલો ચડાવે છે?
મરી જનારમાં સુવાસ નો'તી શું?

સત્યમ શરણમ ગચ્છામિ

પારકાની અદેખાઈ કરવાથી જિંદગીમાં તરક્કી નથી થતી. ઉંચે જોવા કરતા નીચે જુઓ, હોસ્પિટલમાં પીડાતા રોગીઓ, ઝૂંપડપટ્ટીમાં રહેનારની ગરીબાઈ, ભીખ માંગીને ગુજરાન ચલાવનાર, કાળી મજૂરી કરીને રોટલો પામનારને જુઓ ને પ્રભુનો પાડ માનો કે એણે આપણને સારી જિંદગી આપી છે. પૈસાદાર હોય તે સુખી જ હોય છે એમ માનવાની જરૂર નથી. ઉદ્યોગપતિ ભાઈઓના ઝઘડા, કોર્ટમાં ને મિડીયામાં ઉડતી એમની ધજા-પતાકાઓ, કરોડોના કૌભાંડ કરી જેલમાં સડતી વ્યક્તિઓને જોઉં છું ત્યારે વિચાર કરું છું કે આ લોકોએ પૈસા ભેગા કરી કઈ શાંતિ મેળવી? નેતાઓ ભેગુ કરેલું કાળુ ધન કેટલું માણી શકે છે? દેખાય છે એટલું સોનું નથી જ!

આના કરતાં તો મળ્યું છે એટલાને માણીએ તો જિંદગી માણી શકાશે.

છેવટે તો આપણે બે જ...

ભલે ઝઘડીએ, ક્રોધ કરીએ, એકબીજાનો વાંક કાઢીએ
એકબીજા પર દાદાગીરી કરવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.

જે કહેવું હોય એ કહી લે, જે કરવું હોય એ કરી લે,
એકબીજાના ચશ્મા શોધવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.

હું રીસાઈશ તો તું મનાવજે, તું રીસાઈશ તો હું મનાવીશ,
એકબીજાને લાડ લડાવવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.

આંખ જ્યારે ઝાંખી થશે, યાદશક્તિ પાંખી થશે,
એકબીજામાં એકબીજાને શોધવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.

ઘૂંટણ જ્યારે દુ:ખશે, કેડ પણ વળવાનું મૂકશે,
એકબીજાના પગના નખ કાપવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.

મારા રિપોર્ટ તદ્દન નોર્મલ છે, આઈ એમ ઑલરાઈટ,
એમ કહી એકમેકને છેતરવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.

સાથ જ્યારે છૂટી જશે, વિદાયની ઘડી આવી જશે
ત્યારે એક બીજાને માફ કરવા, છેલ્લે તો આપણે બે જ હોઈશું.

લેખકના અન્ય પુસ્તકો...

- સુણી સુણીને ફૂટ્યા કાન (નાક-કાન-ગળાના દરદો પરના લેખનો સંગ્રહ)
- તોતડાપણું (અંગ્રેજી અને ગુજરાતીમાં)
- રમકડાંની દુનિયા
- બોલ્યુ ચાલ્યું માફ કરજો (એકાંકી નાટ્યસંગ્રહ- ગુજરાતી સાહિત્ય એકેડેમી પારિતોષિક વિજેતા પુસ્તક)
- કાનના રોગ અને ઈલાજ
- વૃદ્ધાવસ્થાના રોગો (સહલેખક : ડૉ. ગોપા કોઠારી)
- કાચો કાચ પાકો માંજો (એકાંકી – ત્રિઅંકી નાટ્યસંગ્રહ)
- બાળકોની વર્તણૂક સમસ્યા (સહલેખક : ડૉ. ગોપા કોઠારી)

- અવાજની ખોડ અને ખાંપણ
- શરદી, નસકોરાં અને નાકના અન્ય રોગો.
- નસકોરાંની વ્યાધિ
- પોલું છે તે બોલ્યું (કટાક્ષ લેખો)
- છમકલા (હાસ્યકવિતાઓ)
- હાસ્યના ફુવારા
- છબરડાં (કટાક્ષ લેખો)
- ચાલો પરદેશની સફરે
- છાનું રે છપનું (કટાક્ષલેખો - ગુજરાતી સાહિત્ય એકેડેમી પારિતોષિક વિજેતા પુસ્તક)
- ગોલમાલ

અક્ષરનાદ ઈ-પુસ્તક વિભાગ

અક્ષરનાદ.કોમ

ઈ-પુસ્તક ડાઉનલોડ વિભાગ

અનેક ઈ-પુસ્તકો, એક ક્લિકે ડાઉનલોડ